: પ્રકાશક :
ગોપાળરાવ ગજાનન વિદ્વાંસ
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

પહેલી વાર : ૨૯ મે ૧૯૩૩
૫૫૦ પ્રતો

: મુદ્રણસ્થાન :
શ્રીસરસ્વતી છાપખાનું : અજીઝ બિલ્ડીંગ
ભાવનગર

# બે બોલ

જેમ જેમ મારો અનુભવ વધતો જાય છે તેમ તેમ શબ્દપોથીઓ અને ચિઠ્ઠીવાચનની અગત્ય પણ આરા હિસાબે વધતી જ જાય છે.

શબ્દપોથીઓ ચિઠ્ઠીવાચનનો આમુખ છે.

શબ્દપોથીઓ બાલપુસ્તકાલયની પ્રસ્તાવના છે. છેક નાનાં અને શબ્દો જ વાંચતાં બાળકો માટે સુંદર અને મોટું પુસ્તકાલય નવનવી અને વિધવિધ શબ્દ-પોથીઓથી રચી શકાય તેમ છે.

સારી શબ્દપોથીઓ બાળકને બાલવાચન પ્રત્યે આદર અને બાલવાચનમાં ભૂખ જગાડશે તેમાં હવે શંકા નથી.

શબ્દવાચનથી સાહિત્યવાચન શરૂ થાય છે.

શબ્દપોથીઓ મોટા અક્ષરે હાથે લખેલી અને સચિત્ર બનાવવાનો દરેક શિક્ષક આગ્રહ રાખે જ. ગમે તેટલી સુંદર પણ છાપેલી શબ્દપોથીઓ બાળકનું મન એટલું આકર્ષી શકશે નહિ.

રમકડાંનો યુગ ભલે પૂરો કરીએ; પરંતુ તેને બદલે રમ્ય અને મનોહર એવાં જ પુસ્તકોનો યુગ આપણે શરૂ ન કરીએ તો બાળકોના માનસને જેની જરૂર છે તે આપવામાં આપણે વળી પાછા નવી ભૂલ કરીશું.

ચિઠ્ઠીવાચન એટલે સાથે સાથે ભાષાવાચન–એટલે ભાષાશાસ્ત્રનો અભ્યાસ.

જે નાનું બાળક ચાલો કે ઉઠો એવી ચિઠ્ઠી વાંચી ચાલે છે કે ઉઠે છે તે શબ્દને ક્રિયામાં પ્રત્યક્ષ કરી ભાષાનું બળ સમજે છે; અને જે માણસ ભાષા વાંચતાં ભાષાનું બળ સમજી શકે છે તે જ ભાષાનો ખરો લાભ લઈ શકે છે, તે જ સાચો સાહિત્યવાચક બને છે. ચિઠ્ઠીવાચન સાહિત્યનો અભ્યાસ છે.

ચિઠ્ઠીવાચન મનની કેળવણીમાં અગત્યનું સ્થાન ભોગવે છે. ચિઠ્ઠીવાચનથી અવશ્ય બૌદ્ધિક વિકાસ તો થાય જ છે. પણ તેની સાથે શબ્દને ક્રિયામાં મૂર્ત કરતાં કલ્પનાવિકાસ અને સ્વતઃ ક્રિયા કરવાથી ક્રિયા-શક્તિનો વિકાસ થાય છે.

હરેક શાળામાં શબ્દપોથી અને ચિઠ્ઠીવાચનને અનિવાર્ય સ્થાન છે. કેળવણીના સંચાલકો, વિદ્યા-ધિકારીઓ અને શિક્ષકો આ વસ્તુને જેટલું મહત્ત્વનું સ્થાન આપશે તેટલો મોટો ઉપકાર તેઓ વિદ્યાર્થીઓ ઉપર કરશે.

૧૫-૧૧-૩૨ ગિજુભાઈ.

# અનુક્રમ

શબ્દપોથીઓ ... ... ૩
ચિઠ્ઠીવાચન ... ... ૨૯

# પ્રાથમિક શાળામાં

# ચિઠ્ઠીવાચન

# પ્રથમ ખંડ

# શબ્દપોથીઓ

: ૧ :

વિકાસક્રમમાં ઋતુઆગમન સ્વાભાવિક છે. બીજાંકુરની એક ઋતુ છે. ઝાડ વધીને મોટું થતા સુધીમાં તેની કેટલીયે ઋતુઓ આવી જાય છે. ફૂલની એક ઋતુ છે; ફળની બીજી ઋતુ છે. ઘરડું થઇને મરી જવાની પણ ઋતુ જ આવે છે.

વનસ્પતિવિકાસ, પશુવિકાસ કે મનુષ્યવિકાસઃ વિકાસમાત્રને આ નિયમ લાગુ પડે છે. આને વિકાસમાં કાળનું તત્ત્વ એ નામેથી ઓળખી શકીએ.

બાળક જન્મ્યા પછી ચાલતાં શીખે છે ત્યાં સુધીમાં ઘોડિયામાં ટાંટુડીઓ ચલાવવાથી માંડીને ગોઠણભેર, ભાંખડભેર ને છેવટે ઉભા થઇ ટગમગ ચાલવા સુધીની જાતજાતની ક્રિયાઓ બાલશરીર-વિકાસની જુદી જુદી ઋતુઓ છે.

કાને સાંભળી સાંભળીને બોલવા માંડવ સુધીમાં ધ્વનિઉચ્ચારણથી માંડીને સ્વરવ્યંજને બોલતાં બોલતાં શબ્દોચ્ચાર વટાવી વાક્યો સુધ

પહોંચતાં ભાષાવિકાસની કેટલીયે શિશિર-વસ-તો આવી જાય છે.

જ્યારે પાનખર આવે છે ત્યારે જેમ પાંદડાં ખરખર ખર્યા જ કરે છે ને વસંત આવે છે ત્યારે નવાં કૂંપળનો જાણે ઉભરો આવે છે, ફૂલની ઋતુમાં જેમ ચારેકોર ફૂલ ફૂલ થઇ રહે છે તથા વરસાદમાં જેમ ઉધઇનો રાફડો ફાટે છે, તેમ જ્યારે મનુષ્યના શરીર કે મનના વિકાસની કોઇ-એક ઋતુ આવે છે ત્યારે શરીર કે મનની એ એક જ પ્રવૃત્તિ થઈ પડે છે. આ વિકાસકાળનો આનંદ એટલો બધો હોય છે કે તે વખતે મનુષ્ય ખાવાપીવાનું ને ઊંઘવાનું સુદ્ધાં ભૂલી જાય છે. એ અવિરત આનંદ લેવા તે વિકાસ આપનારી ક્રિયાને વારંવાર કર્યા કરે છે. બીજાઓને તેમાં રસ આવે કે ન આવે, બીજાઓ તેની સામે જુએ કે ન જુએ પણ તે તો તેમાં તલ્લીન જ રહે છે. વિકાસનું કાર્ય ચાલતાં શીખવાનું હોય કે ઉચ્ચાર કરતાં શીખવાનું હોય, ગૂઢ એવા વિષયોમાં પ્રવેશ કરવાનું હોય કે ગમે તે સાદી કે કઠણ જાતનું હોય, કે શરીર કે મનના વિકાસને લગતું હોય, પણ તે વિકાસ કરનારને સરખું જ આનંદ આપનારૂં, સરખું જ એકાગ્ર રાખનારૂં અને સરખું જ (તે

જ્યાં ઉભા હોય ત્યાંથી ) આગળ ચડાવનારૂં બને છે. એક વાર વિકાસનો કાળ આવ્યો એટલે ક્રિયા ચાલવા જ માંડે છે. એ ક્રિયા શરીર થાકતાં મનથી ચાલે છે, જાગૃત મન થાકતાં ઊંઘમાં આંતર મનમાં કે અજાગૃત મનમાં ચાલે છે.

આમ વિકાસમાં નવી નવી ઋતુઓ આવ્યાં કરે છે. એક એક ઋતુ વિકાસમાં એક એક આગળ પગલું લઇ જાય છે. એક એક જીવનઉત્સવ થાય છે. એ એક જ દિવસનો પણ હોય ને વખતે દિવસો અને મહિનાઓનો પણ હોય.

મનુષ્યના સર્વદેશી વિકાસ અર્થે જન્મથી જ આ ઋતુઆગમન આવશ્યક છે. એક પછી એક નવા નવા વિકાસના સમયો આવ્યે જાય છે ને બાળક આગળ વધતું જાય છે. શું શરીરવિકાસ, શું બુદ્ધિવિકાસ કે શું માનસિક વિકાસ, સર્વત્ર આ કાળનું તત્ત્વ સામાન્ય છે.

વિકાસનો કાળ આવે તે વખતે બાળકને વિકાસપોષક પરિસ્થિતિ મળે તો બાળક ખીલે ને ન મળે તો તે કરમાય. અગર તો વિકાસમાં તે અટકી પડે. કદાચ તેને વિકાસક પરિસ્થિતિને બદલે અવળી, વિકૃત, અતન્દુરસ્ત પરિસ્થિતિ મળે

તો તેનો વિકાસ પાછો હઠે. બાળક માંદું પડે ને મરવા પણ પડે.

બાળક મોટી ઉંમરે પહોંચી એક સંપૂર્ણ મનુષ્ય થાય તેમાં શરીર અને મનની વિકાસઋતુઓ કેટલીયે આવે.

: ૨ :

આ નિયમ ભાષાના વિકાસને પણ લાગુ પડે છે. ભાષાવિકાસને માર્ગે જતા બાળકના રસ્તે પણ કેટલીયે ઋતુઓ આવે છે. એમાંની એક શબ્દવાચનની છે. બાળક બોલતાં શીખ્યું, અક્ષરો શીખ્યું, તેને શબ્દો બનાવતાં આવડ્યા, તે અર્થને સમજવા લાગ્યું. આમ વાચનમાર્ગમાં ત્રણ ઋતુઓ ગઇ. હવે ચોથી બેઠી શબ્દવાચનની.

ઋતુઓ આવી એટલે બસ થયું. એક ફૂલ, બે ફૂલ, ત્રણ ફૂલ, એમ ફૂલોનો બાગ થાય કે ગાલીચો પથરાય. પાનખર આવે તો પાંદડું ખરે, બે ખરે, ત્રણ ખરે, બધાં ખરે. રાત પડવી એ પણ એક ઋતુ છે. એક તારો ઉગ્યો, બે ઉગ્યા, ત્રણ ઉગ્યા, આખું આકાશ ભરાઇ જાય.

બાલમંદિરમાં રહેતા બાળકની એક વાર ત્રિકોણ–ચોરસની ઋતુ આવી. તે વખતે તેણે દુનિયામાં ત્રિકોણ–ચોરસ જ જોયા. જ્યાં નજર કરે

ત્યાં તેની આંખમાં ત્રિકોણ કે ચોરસ આવીને ભરાય. વાદળાંમાં ભૌમિતિક આકૃતિઓ બને તો તેની નજર તે પકડે. તડકા-છાયામાં આકૃતિઓ થાય તો ધ્યાન બહાર ન જાય. જાળીના પડછાયામાં કે ચાંદરણામાં ને ગાર ઉખડી ગયેલી ભીં તોમાં સુદ્ધાં તેને ત્રિકોણ-ચોરસ દેખાય. આંખની ઇંદ્રિય-વિકાસનો કાળ આવ્યો. બાળકને વિકાસ કરવાની અનુકૂળતા મળી ગઈ. બાળકની દુનિયા રૂપ રૂપથી ભરાઇ ગઈ. તેનું જીવન રૂપમય થઇ ગયું.

એમ જ એક વાર રંગની ઋતુ આવી. રંગની તખ્તીઓ વાપરતાં વાપરતાં બાળકની રંગની શક્તિ ખીલી. જ્યાં જોયું ત્યાં રંગનું વિશેષપણું દેખ્યું. આકાશના રંગોની અનંત વિવિધતાનો આનંદ તેને મળ્યો. પતંગિયાના રંગોની ચિત્તાકર્ષક સુંદરતા તેણે નીહાળી. લીલાં ખેતરો, નવરંગી ફૂલો, અનેકરંગી પશુપક્ષીઓ ને રંગ-બેરંગી મનુષ્યકૃતિઓનું રંગસૌંદર્ય તેણે માણ્યું.

આમ જ કર્ણેંદ્રિયવિકાસે ધ્વનિઋતુના નવા નવા મીઠા મીઠા સૂરો તેને સંભળાવ્યા. એમ કરતાં બાળક શબ્દની મોસમ સુધી પહોંચ્યું.

બાળકે એક શબ્દ વાંચ્યો, બીજો વાંચ્યો,

ત્રીજો વાંચ્યો. બસ ગાડી ઉપડી. શબ્દ, શબ્દ ને શબ્દ ! જ્યાં ને ત્યાં શબ્દ જ શોધે. જ્યાં નજર ફેરવે ત્યાં શબ્દ જ ભાળે. ગમે તે ચોપડી હોય–વાર્તાની હોય કે વિજ્ઞાનની હોય, ઇતિહાસની હોય કે ધર્મની હોય–તેને તો તે આખી શબ્દની જ લાગે. બજારનાં પાટિયાંમાં શબ્દ જ લાગે. જ્યાં પાટિયું ભાળે ત્યાં ઉભું રહે ને શબ્દ વાંચે. બંગાળી કે અંગ્રેજી શબ્દ સુધીનું ભણતર ભણનારની આંખ આગળ પાટિયાંના શબ્દો, છાપાંના શબ્દો વગેરે જ્યાં ત્યાં બંગાળી કે અંગ્રેજી શબ્દો નજરે તરે છે તેનો જેઓને અનુભવ હશે તેઓ આ વાત તરત સમજી શકશે. બાળક વાંચેલા શબ્દો આંખ આગળ લાવશે, મનમાં ગણગણશે ને કોઇને કહી બતાવશે. પહેલાં બાળકને શબ્દો દેખાતા ન હતા; એટલે કે તે ભાળતું હતું પણ તેના તરફ જાણે લક્ષ જ ગયું ન હતું. અત્યારે બાળક ચારેકોર શબ્દ જ ભાળે છે.

દરેક વખતે તે શબ્દ, શબ્દ ને શબ્દ માગે છે. બરાબર આ વખતે શિક્ષકે તેની પાસે શબ્દ વાંચવાની અનુકૂળતા કરવાની છે. આ સમય સાચવી લેવાનો છે.

આ માટે શબ્દપોથીની યોજના ઉપયોગી માલૂમ પડી છે. બાલમંદિરમાં જ્યારે શબ્દવાચનનો કાળ આવે છે ત્યારે જોવા જેવું દશ્ય થાય છે. બાળકો શબ્દપોથીનાં પાનાં ચટચટ ફેરવે છે ને વારેવારે શબ્દો વાંચે છે. એકની એક પોથી કેટલીયે વાર વાંચે છે તો પણ ધરાતાં નથી. બાલમંદિરમાં તો તેમને શબ્દપોથીનું રીતસરનું સાધન મળે છે. પણ આ વખતે તે ઘરમાં કે બહાર જ્યાં ત્યાં શબ્દો વાંચતાં જ જોવામાં આવે છે.

: ૩ :

આ શબ્દવાચનના કાળને પહોંચી વળવા યોગ્ય શબ્દપોથીઓ રચવી પડે. એમાં મુખ્યતઃ બે વાતનો વિચાર કરવો પડશે; એક વસ્તુનો અને બીજો રચનાનો.

વાચનની શરૂઆત શબ્દપોથીથી થાય છે. મોટી ઉંમરનો માણસ મોટું તત્ત્વજ્ઞાનનું પુસ્તક વાંચે કે નાનું બાળક એકાદ શબ્દપોથી વાંચે એ બન્ને તત્ત્વની દૃષ્ટિએ સરખાં છે. બન્ને પોતાને સ્થાને–કક્ષાએ ઉભા રહી જે વાંચે છે તે જ્ઞાન મેળવવા વાંચે છે. વાચનથી બન્ને પોતાને આનંદ આપે છે. બન્નેને વાચનની સારી માઠી અસર થાય છે. વસ્તુમાં જાતનો તફાવત અને ગુણમાં અંશનો તફાવત સ્વાભાવિક છે. છતાં પ્રત્યેક

વાંચનાર પૂરતુ તેનું વાચન એક 'વાચન' છે, ને સરખું મહત્ત્વનું છે.

આ કારણથી શબ્દપોથી જેવા–કદાચ મોટાની દૃષ્ટિએ મામૂલી લાગતા વાચનમાં વસ્તુ વગેરેનો પણ વિચાર ઠીક થવો જોઇએ.

શબ્દપોથીનું વાચન વાચનના વિશાળ જગતનું પ્રવેશદ્વાર છે. એક વાર પ્રવેશ બરાબર થયો, પ્રસન્નતાથી થયો; અવિરોધપણે થયો, પ્રથમ પરિચયે પ્રીતિ થઈ એટલે વાચનના આગળના માર્ગે જવાનો બાળકમાં ઉત્સાહ આવશે; ને આગળ જતાં તે વાચનનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકશે.

મોટાને મોટી દુનિયાનું અને નાનાને નાની દુનિયાનું વાચન જોઇએ એ સ્વાભાવિક છે. છતાં બન્નેનું વાચન નિરોગી, સહજ ભૂખને તૃપ્ત કરનારું, નહિ ઉત્તેજક કે નહિ ફિક્કું એવું જોઇએ. એ વાચન બુદ્ધિને ઘસીને ઉજળી કરે તેવું, ક્રિયાશક્તિને વ્યાયામ આપે તેવું, કલ્પનાને વાસ્તવિકતાજન્ય ઉડ્ડયનનો આનંદ આપે તેવું, બળવાન અને લાગણીને આર્દ્ર કરે–નહિ કે નિર્બળ કરે તેવું, તેને ડોલાવે–નહિ કે લાડ લડાવે તેવું જોઇએ. ટૂંકામાં હરકોઇ વાચન તેજસ્વી, પ્રાણવાન, કલ્પક અને રસિક હોય.

વાચન સંબંધેનો આ સામાન્ય વિચાર જ્યાં જ્યાં ‘શબ્દપોથી’ને લાગુ પડે ત્યાં ત્યાં તે ધ્યાન બહાર ન જાય. કદાચ ‘શબ્દપોથી’ રચવામાં સાધારણતઃ તંદુરસ્ત અતંદુરસ્ત વાચનના ઉંડા વિચારમાં જવાની જરૂર નથી પડતી; છતાં પોથી રચનારની સામે આ આદર્શ રહેવો જોઇએ.

: ૪ :

શબ્દપોથીનું વસ્તુ પ્રથમતઃ વિવિધતાપૂર્ણ હોય. આપણને લાગે છે કે બાળદુનિયા ટૂંકી છે. ખરી રીતે એમ નથી. બાળક નાનું છે છતાં તેના શારીરિક, ઇંદ્રિય વિષયક અને માનસિક વ્યાપારોનું જગત વિશાળ છે. પોતાના શરીરનું ને એની હાજતોનું, ઘરનું ને ફળીનું, માબાપ વગેરે સંબંધીઓનું ને આડોશીપાડોશીઓનું, પશુઓ અને પક્ષીઓનું, ભૂપૃષ્ઠ અને આકાશનું, નિસર્ગનું અને મનુષ્યકૃતિનું: એ બધું એને મન એક જગત છે. એના શબ્દો બાળકોને જીવંત, ચેતનભરી જાદુઇ શક્તિઓ છે. આ શબ્દોના જ્ઞાન વડે તે પોતાને વ્યક્ત કરે છે અને અન્યનું વક્તવ્ય સમજી શકે છે. આ શબ્દો પોતાનો વ્યવહાર ચલાવવાનું કિંમતી નાણું છે. આ બધા શબ્દોનું આવડવું એને મન એક શક્તિપ્રાપ્તિ છે, એક આનંદ છે.

આમ જ જ્યારે શબ્દોનું—આ જ શબ્દોનું—વાચન તેને આવડવા લાગે છે ત્યારે તેને એક બીજો આનંદ મળે છે. નવી શક્તિનો ઉદય થતાં બુદ્ધિ વગેરે માનસિક કાર્યોનો પ્રદેશ ઉઘડે છે. વ્યવહાર ચલાવવાનું એક નવું સાધન હાથ આવતાં તેને ઝટપટ હસ્તગત કરવાની હોંશ ખૂબ વધે છે, ને તે જેમ જેમ તૃપ્ત થતી જાય છે તેમ તેમ નિર્મળ આનંદનો અનુભવ થાય છે.

બાળકના આવા નાના નાના આનંદો સમજવા માટે આપણને આપણું બાળપણ યાદ રહ્યું હોય તો સારૂં. અથવા આપણે આપણાં બાળકોની આવી નાની નાની વિકાસક પ્રવૃત્તિઓનો આનંદ સમજવાની દૃષ્ટિ કેળવી હોય તો સારૂં.

જે ઉંમરે બાળક વાંચવા જેવડું થાય છે તે વખતે તેનો શબ્દભંડોળ મોટો હોય છે. શરીરની સ્થૂળ હાજતોથી માંડીને મનના સૂક્ષ્મ ભાવો બતાવવા સુધીના જાતજાતના શબ્દો તેમાં છે. આસપાસના ઘણા સૃષ્ટ પદાર્થોના શબ્દો પણ તેમાં છે. આ બધા શબ્દોની પોથીઓ બનાવીએ તો એક ગાડું ભરીને 'પોથીઓ' થાય. એમ કરવાથી બાળકોને ઉલટું નુકસાન થાય. રોજ ને રોજ ઘણી વાનીઓ ખાધા જ કરવાથી વાની-

ઓનો ખરો સ્વાદ લેવાની રસનાની શક્તિ ઘટતી ને બગડતી જાય છે. રોજ નવી ને નવી વાની-ઓને શોધી કાઢી સ્વાદને પોષવાનો પ્રયત્ન કરવો પડે છે. પરિણામે સ્વાદની બાબતમાં રસના માંદી પડે છે કે તેને કોઇ પણ વખતે વિવિધતા વિનાના ખોરાક વિના ચાલતું નથી; એટલું જ નહિ પણ સાદો અને પૌષ્ટિક ખોરાક જ તેને સાવ ફિક્કો અને નીરસ લાગે છે. અતિ વિવિધ અને વિપુલ વાચનને આ વિચાર લાગુ પડે છે. અતિ વિશાળ સાહિત્ય કરતાં પ્રબળ પણ વિકાસક એવા થોડા સાહિત્યની ખરી કિંમત છે. સાધનની વિપુલતા કરતાં સાધનની વિકાસક શક્તિ મહત્ત્વની છે. થોડા પણ સુંદર પાઠો એવા થવા જોઇએ કે બાળકો તે વારંવાર વાંચવા મન કરે. બાળકો તે વડે વાચનબળ સારી રીતે કેળવશે. પોથીના શબ્દો એવા હોવા જોઇએ કે તે બાળકોને ખૂબ ખૂબ ગમી જાય. શબ્દો ગમી જવાનાં ઘણાં કારણો હોય. તે બધાં કારણો શબ્દસંગ્રહ કરતી વખતે ધ્યાનમાં રાખવાં જોઇએ. સૂચક પદાર્થો અને ભાવોના પરિચયને લીધે શબ્દો ગમે, અથવા તેમાં રહેલ શબ્દ-સંગીતને લીધે ગમે, અથવા તેને મૂકવાની જે જાતજાતની ગોઠવણ કરી હોય તેને લીધે કે તેની

પાછળ રહેલી કલાદષ્ટિને લીધે ગમે, ઢગલાબંધ શબ્દો પરસ્પરના નાતજાતના સંબંધ વિનાના અનુભવમાં પડ્યા હોય તેને જાતજાતના નાત-સંબંધથી વર્ગોમાં ગોઠવવાનું મળે તેથી ગમે, અથવા નવા નવા શબ્દો બાળકને અનુભવનાં નવાં નવાં ક્ષેત્રોમાં ઉપાડે તેથી પણ ગમે.

આ બધા વિચારોને પરિણામે એટલું નક્કી કરી શકાય છે કે 'શબ્દપોથીઓ'નું વસ્તુ નક્કી કરવામાં 'પસંદગી' 'વર્ગીકરણ' અને 'સંખ્યા-મર્યાદા' અગત્યનું સ્થાન ભોગવે છે.

શબ્દપસંદગી માટે બાલજીવનના મુખ્ય મુખ્ય પ્રદેશો ઉપર દષ્ટિ કરીએ.

શરીરપ્રદેશ, ઇંદ્રિયપ્રદેશ, ગૃહજીવન, શાળા-જીવન, નિસર્ગ, મનુષ્યકૃતિ, સમાજધર્મ વગેરે જાતના પ્રદેશો બાલજીવનના પ્રદેશો છે.

આ પ્રદેશોના થોડા થોડા શબ્દો નક્કી કરીને તેનું નીચે આપેલી દષ્ટિએ વર્ગીકરણ કરવું જોઇએ.

ઉક્ત પ્રદેશોની દષ્ટિ ઉપરાંત શબ્દસંગીત, ભાષાવ્યાકરણ, શિક્ષણ વિષયક વિષયો વગેરેની પણ દષ્ટિ રાખવી જોઇએ.

આ શબ્દપોથીને કાંઈક આવું રૂપ અપાય. દરેક વર્ગનું એક એક પ્રકરણ કલ્પીએ. આ એક પ્રકરણમાં એક એક પાનાનો એક પાઠ રાખીએ. દરેક પાનામાં કેટલા શબ્દો મૂકવા તેનો નિર્ણય આગળ આપી છે તે ગોઠવણની દષ્ટિએ કરી લેવો.

પ્રકરણ ૧: પગ, કાન, ગાલ, પાની, હોઠ, નખ, નાક, વાળ, છાતી, ડોક, પેટ, મોઢું, કેડ, માથું વગેરે.

પ્રકરણ ૨: લાડવા, હલવો, બરફી, પેંડા, લાપસી, શીરો, જલેબી, શિખંડ, બાસુદી, પૂરી, મેસુબ, કંસાર, દૂધપાક, મોહનથાળ, સાટા વગેરે.

પ્રકરણ ૩: દાળ, રોટલા, ખીચડી, ગોળ, ભાત, ઢોકળાં, છાસ, સાકર, રોટલી, શેવ, દહીં, મધ, શાક, ગાંઠિયા, ઘી, સુખડી વગેરે.

પ્રકરણ ૪: ધાણા, જીરૂં, હળદર, મીઠું, મરચું, હીંગ, ટોપરૂં, રાઇ, મેથી, કોકમ, સૂંઠ, તીખાં, એલચી, લવિંગ, તજ, જાયફળ, જાવંત્રી વગેરે.

પ્રકરણ ૫: રકાબી, પ્યાલો, ચમચો, કળશો, ઘડો, ડોલચું, થાળી, ગોળી, ઘડમાચી, તવી,

તવેથો, ઝારો, ચીપિયો, સાંડશી, કડછી, વેલણ, પાટલી વગેરે.

પ્રકરણ ૬: ઘી, તેલ, દૂધ, મધ, દહીં વગેરે.

પ્રકરણ ૭: વીંટી, બંગડી, ચૂની, એરિંગ, કંદોરો, સાંકળી વગેરે.

પ્રકરણ ૮: ગાય, ભેંશ, વાઘ, દીપડો, સિંહ, પાડો, બકરો, બકરી, શિયાળ, વરૂ, કૂતરૂં, બિલાડી, ગધેડું, વાછડું વગેરે.

પ્રકરણ ૯: ચકલો, ચકલી, કાબર, કાગડો, કાગડી, મોર, ઢેલ, હંસ, ગીધ, સમળી, ચીબરી, કબૂતર, પોપટ, મેના, કોયલ વગેરે.

પ્રકરણ ૧૦: દેડકું, ભમરો, માખી, તમરૂં, માછલી, મગર, સાપ, ચાંચડ, માંકડ, મચ્છર, જૂ વગેરે.

પ્રકરણ ૧૧: ગુલાબ, ડોલર, મોગરો, કરેણ, જાઈ, જુઇ વગેરે.

પ્રકરણ ૧૨: કેરી, જાંબુ, બોર, રાયણ, ખજુર, ગુંદાં, પપૈયો, જમરૂખ, દાડમ, કેળાં વગેરે.

પ્રકરણ ૧૩: બાવળ, બોરડી, વડ, તાડ, આશોપાલવ, સરગવો, બદામડી, થોર, ખેર, બીલી, રૂખડો વગેરે.

પ્રકરણ ૧૪: સવાર, બપોર, સાંજ, મધરાત, પરોઢિયું વગેરે.

પ્રકરણ ૧૫: બા, બાપા, કાકા, મામા, દાદા, ભાઇ, બેન, ભાભી, માશી, ફોઈ વગેરે.

પ્રકરણ ૧૬: કારતક, માગશર, પોષ, માઘ, સોમવાર, મંગળવાર, બુધવાર, ધનતેરશ, હોળી, દીવાળી વગેરે.

પ્રકરણ ૧૭: ભાવનગર, વરતેજ, સીહોર, ચમારડી, મુંબઇ, દિલ્હી, કલકત્તા વગેરે.

પ્રકરણ ૧૮: ગિરનાર, શેત્રુંજો, આબુ, હિમાલય, ભાદર, રાવી, સતલજ, ગંગા, જમના, બોડતળાવ, માધાવાવ વગેરે.

પ્રકરણ ૧૯: એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ દસ વગેરે.

પ્રકરણ ૨૦: ગોળ, ચોરસ, ત્રિકોણ, લંબ-ગોળ, પંચકોણ, ષટ્કોણ વગેરે.

પ્રકરણ ૨૧: સૂંવાળું, ખડબચડું, ભારે, હળવું, લાંબું, ટૂંકું, નાનું, મોટું, ઘન, દાદરો, લાંબી સીડી, પહોળી સીડી વગેરે.

પ્રકરણ ૨૨: પરચુરણ શબ્દોનું.

આવી જ રીતે વ્યાકરણનાં પ્રકરણો પણ મૂકી શકાય. આનાં થોડાં પ્રકરણોના નમૂના આપીશું.

પ્રકરણ ૨૩: મનુભાઇ, ચિનુભાઇ, વિનુભાઇ, રામચંદ, કરમચંદ, નેમચંદ, જુસબ, અબદલ્લા, અલીભાઇ વગેરે.

પ્રકરણ ૨૪: પડદો, જાળી, બારી, પાટિયું, ચપ્પુ, પેન્સિલ વગેરે.

પ્રકરણ ૨૫: રાતો, કાળો, ધોળો, નાનો, મોટો વગેરે.

પ્રકરણ ૨૬: દોડે છે, લખે છે, ખાય છે, પીએ છે વગેરે.

આવી રીતે ભાષાનાં બધાં પદોનાં પ્રકરણો આપી શકાય. આગળ વધીને વ્યાકરણના બીજા પ્રદેશનાં પ્રકરણો પણ અપાય. જેમ કે સમાસનું, જાતિનું, વચનનું વગેરે. અહીં બધા પાઠો આપવાની ખાસ જરૂર માની નથી. શિક્ષક તેવા પાઠો કરી લઇ શકે છે.

એક કૌટુંબિક શબ્દોનું પ્રકરણ પણ ઉમેરી શકાય. જેમ કે પગ, પગી, પગથાર વગેરે; અથવા હથોડી, હાથલો, હથિયાર, હાથવગું, હાથ મારવો વગેરે.

પ્રકરણ ૧૪: સવાર, બપોર, સાંજ, મધરાત, પરોઢિયું વગેરે.

પ્રકરણ ૧૫: બા, બાપા, કાકા, મામા, દાદા, ભાઇ, બેન, ભાભી, માશી, ફોઈ વગેરે.

પ્રકરણ ૧૬: કારતક, માગશર, પોષ, માઘ, સોમવાર, મંગળવાર, બુધવાર, ધનતેરશ, હોળી, દીવાળી વગેરે.

પ્રકરણ ૧૭: ભાવનગર, વરતેજ, સીહોર, ચમારડી, મુંબઇ, દિલ્હી, કલકત્તા વગેરે.

પ્રકરણ ૧૮: ગિરનાર, શેત્રુંજો, આબુ, હિમાલય, ભાદર, રાવી, સતલજ, ગંગા, જમના, બોડતળાવ, માધાવાવ વગેરે.

પ્રકરણ ૧૯: એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ દસ વગેરે.

પ્રકરણ ૨૦: ગોળ, ચોરસ, ત્રિકોણ, લંબ-ગોળ, પંચકોણ, ષટ્કોણ વગેરે.

પ્રકરણ ૨૧: સૂંવાળું, ખડબચડું, ભારે, હળવું, લાંબું, ટૂંકું, નાનું, મોટું, ઘન, દાદરો, લાંબી સીડી, પહોળી સીડી વગેરે.

પ્રકરણ ૨૨: પરચુરણ શબ્દોનું.

આવી જ રીતે વ્યાકરણનાં પ્રકરણો પણ મૂકી શકાય. આનાં થોડાં પ્રકરણોના નમૂના આપીશું.

પ્રકરણ ૨૩: મનુભાઇ, ચિનુભાઇ, વિનુભાઇ, રામચંદ્ર, કરમચંદ, નેમચંદ, જુસબ, અબદલ્લા, આલીભાઇ વગેરે.

પ્રકરણ ૨૪: પડદો, જાળી, બારી, પાટિયું, ચપ્પુ, પેન્સિલ વગેરે.

પ્રકરણ ૨૫: રાતો, કાળો, ધોળો, નાનો, મોટો વગેરે.

પ્રકરણ ૨૬: દોડે છે, લખે છે, ખાય છે, પીએ છે વગેરે.

આવી રીતે ભાષાનાં બધાં પદોનાં પ્રકરણો આપી શકાય. આગળ વધીને વ્યાકરણના બીજા પ્રદેશનાં પ્રકરણો પણ અપાય. જેમ કે સમાસનું, જાતિનું, વચનનું વગેરે. અહીં બધા પાઠો આપવાની ખાસ જરૂર માની નથી. શિક્ષક તેવા પાઠો કરી લઇ શકે છે.

એક કૌટુંબિક શબ્દોનું પ્રકરણ પણ ઉમેરી શકાય. જેમ કે પગ, પગી, પગથાર વગેરે; અથવા હથોડી, હાથલો, હથિયાર, હાથવગું, હાથ મારવો વગેરે.

વ્યાકરણના શબ્દો પરિચિત તો હોય જ છે. પણ તેને વ્યાકરણના પાઠો તરીકે આગળ લાવીને મૂકવાથી બાળકો શબ્દના વાચનની સાથે જ આડકતરી રીતે વ્યાકરણના પરિચયમાં આવી જાય છે.

વળી એક અક્ષરના, બે અક્ષરના, ત્રણ અક્ષરના, ચાર અક્ષરના એવા શબ્દોનું એક પ્રકરણ ઉમેરી શકાય છે. ધ્વનિસંગીતની દૃષ્ટિએ બીજાં બેચાર પ્રકરણોને વધારવાનું તો રહેશે જ. જેમ કે (૧) દાદા, મામા, માસા, મારા, તારા. (૨) મીની, ભીની, દીદી, પીધી, લીધી, બીડી, સીડી. (૩) દોડો, ફોડો, ખોડો, ઘોડો, તોડો. (૪) અંજન, ખંજન, મંજન, રંજન. (૫) અંગ, રંગ, તંગ, ગંગ, ચંગ વગેરે.

અનુનાસિક શબ્દોમાંથી એક કે તેથી વધારે પ્રકરણો લખાય.

આ ઉપરાંત ધ્વનિપ્રધાન એવા અર્થ વિનાના અથવા અર્થસૂચક અથવા અર્થવાળા શબ્દોનાં પ્રકરણો ગોઠવાય. જેવા કે ગડગડાટ, તડતડાટ, ફડફડાટ, લખલખ, પટપટ, તડતડ, ગડુડુડુ, ખરરર, સરરર વગેરે.

**: ૫ :**

હવે શબ્દપોથીની રચનાનો વિચાર કરીએ.

રચનાનાં મુખ્ય અંગોમાં અક્ષરોનું કદ, તેની જાડાઇ, તેનો મરોડ, ગોઠવણ, અક્ષરોનો શણગાર અને આજુબાજુનો શણગાર વગેરે આવે છે.

અક્ષરો સારી રીતે મોટા હોય. એવડી લીંટી-વાળા, જાતજાતના રંગ ભરેલા કે લીંટા પૂરેલા અક્ષરો વધારે ગમશે. અક્ષર છાપેલા હોય કે લખેલા, પણ તે મરોડદાર જોઇએ. મરોડદાર અક્ષરો પોતે જ એની શોભા છે. અક્ષરના કદમાં વિવિધતા આવી શકે. 'ઓરનામેંટલ લેટર્સ' ના નમૂના પણ મૂકી શકાય. આ વાત આગળની ચોપડીઓમાં સાધારણ રીતે નહિ બની શકે, પરંતુ શબ્દપોથીમાં અક્ષરોની પસંદગીની બાબતમાં ઘણું ઘણું કરી શકાશે. આમ છતાં અક્ષરોની શોભાનો વિચાર પ્રમુખ થઇ જાય એમ ન બનવું જોઇએ.

શબ્દોની ગોઠવણ વ્યવસ્થિત અને આકર્ષક જોઇએ. એના નિયમો ન કહી શકાય. એવી ગોઠવણ તો કલારસિક શિક્ષક ઉપજાવે. હાથે લખ-વામાં કે છાપવામાં શબ્દોની ગોઠવણમાં ઘણી જાતની વિવિધતા કલ્પી શકાય. બાલપ્રિય ગોઠ-વણના કેટલાએક નમૂના અહીં કહી શકાય. જેમ કે એક શબ્દને એક જ પાને લખાય; શબ્દોને પાના ઉપર ઉભા, આડા કે ત્રાંસા મૂકાય; ગોળાકાર

એવી ભૌમિતિક આકૃતિઓની આજુબાજુ શબ્દોને ગોઠવાય; ચોકડી, સ્વસ્તિક કે ત્રિશૂળના ખૂણાઓ શબ્દોથી શોભાવાય; નીસરણી કે નાના ગોળ-ચોરસ પાસે પાસે ગોઠવીને તેમાં શબ્દો મૂકાય; ષટ્કોણના મધપૂડા ચીતરી તેમાં શબ્દો લખાય.

ગોઠવણમાં પ્રધાન વિચાર શબ્દોને આગળ પડતા બહાર લાવવાનો હોય; સૌન્દર્યને બહાર કાઢવા માટે શબ્દો સાધન તરીકે વપરાઇ ન જાય.

આ પોથીઓ સચિત્ર હોઇ શકે. ચિત્રો હોવાં જ જોઇએ એવો આગ્રહ ન હોવો જોઇએ. ચિત્રો વિનાની સાદી ગોઠવણવાળી પોથીઓ પણ ચાલી શકે. કારણ એ છે કે પોથીઓનું મંડાણ બાળકોમાં અમુક વખતે શબ્દવાચનની ઉત્પન્ન થતી સાહજિક ભૂખ છે. ચિત્રો ઉત્તેજક તરીકે મૂકવાનાં નથી. ચિત્રોનું સ્થાન આનંદ અને આરામ આપનાર તરીકેનું હોઇ શકે. વાચન વધારે અર્થપૂર્ણ થાય અથવા ચિત્રથી વધારે પ્રત્યક્ષ થાય એ હેતુથી ચિત્રો આપવાં નહિ. શબ્દપોથીના વાચનનો ખરો આનંદ ધ્વનિઉચ્ચાર અને અર્થસમજણમાં છે. એ જો બાળકમાં સ્વતઃ ન હોય તો, એ માટેની ઋતુ આવી ન હોય તો, સચિત્ર વાચનપોથી અકાળનું અને અસ્વાભાવિક

ઉત્તેજક થઇ પડે, ને વિકાસમાં વિઘાતક જ બને. વળી શબ્દોને સચિત્ર કરવાથી શબ્દોનાં અમૂર્ત શબ્દચિત્રો રચવાની મઝા અને શક્તિ બન્ને લઇ લેવાશે. શબ્દ મૂર્ત અને સ્થૂળ દુનિયાને વાણી દ્વારા વ્યક્ત કરવાનું સાધન છે. આપણે જો શબ્દ સાથે ચિત્રો જોડ્યા જ કરીએ તો તે શક્તિની કેળવણીને અવકાશ આપતાં નથી. શબ્દથી અધૂરૂં રહી જતું કથન કે ભાવ, ચિત્રથી આલેખવું એ વાત જુદી છે. આ અર્થમાં શબ્દપોથીને સચિત્ર કરવાની જરૂર નથી. છતાં કોઇ વાર જ્યાં જ્યાં શબ્દપોથીને સચિત્ર કરીએ ત્યાં ચિત્ર તો સુંદર જ મૂકીએ. કાંઇ નહિ તો શબ્દને મોળો પાડે તેવાં ચિત્રો તો ન જ જોઇએ.

કોઈ વાર શબ્દને શણગારી પણ લેવાય. શબ્દને માથે કે પૂંછડે ફૂમકાં કર્યાં હોય તો શોભે. ઘણી વાર બાળકો પોતે જ એવી શણગારપોથી બનાવે છે. આવી બાળપોથીઓ બાલમંદિરનાં બાળકો કરે છે. પણ આ તો ખાસ ફેરફાર તરીકે કે નવીનતા તરીકે; એક કાયમી બંધન તરીકે નહિ.

વળી શબ્દપોથીને બીજી રીતે શણગારી શકાય; શબ્દોના અર્થો બતાવવા માટે નહિ પણ શબ્દને સુંદર ભૂમિકા આપવા માટે. જૂનાં પુસ્ત-

કોમાં આવી શોભા ઘણી કરવામાં આવતી: એ શોભા વાચનને વિક્ષેપક ન હતી. ઉલટું પુસ્તક અને પાનાને વધારે આનંદથી ફેરવવામાં મદદ કરતી. આવી જાતની ભૂમિકાઓ વિવિધ હોય. શબ્દ પાછળ કોરા પાનાં ઉપર કોઇ વાર માત્ર રંગના છાંટા હોય, તો કોઇ વાર ખાલી રંગનો હાથ જ હોય, તો કોઇ વાર આકાશ અને તારાઓ વચ્ચે બીજના ચંદ્રાકાર કરતા શબ્દો હોય. ચોરસ કે લંબગોળ આકારની કોરણીવાળી ફ્રેમ કે એવું પણ રખાય.

આવી રીતે આજુબાજુમાં શણગારેલાં પાનાં બાળકો હોંશે હોંશે જોશે, શબ્દો વાંચશે ને એક એક પાનાને પટપટ ફેરવતાં જશે. કુદરતની રચનામાં ભૂમિકાને જે સ્થાન છે તે સ્થાન આ શણગારનું હોઇ વાંચનારને આનંદ અને વિશ્રામ આપે છે.

: ૬ :

રચના પરત્વે એક બે વાત રહી. એક તો શબ્દપોથી ખરેખર પોથી એટલે આડાં પાનાંવાળી હોય તો બાળકોને વધારે ગમે. એમાં ફેરવવાની–આકારની સગવડ છે; ઉપરાંત શબ્દોને ગોઠવવાનું વધારે સરલ બને છે.

બીજી વાત શબ્દપોથીના શબ્દો ઘણા બધા ન હોય, પરંતુ તેનાં પાનાં ઘણાં બધાં હોય એ છે. એક પાનામાં એક જ શબ્દ જોવાનું અને વાંચવાનું બાળકોને ગમે છે. ગોઠવણની દૃષ્ટિએ એક જ પાનામાં એકથી વધારે શબ્દો મૂકી શકાય. બાળકોને જેમ હરવા ફરવાની છૂટ હોવાની જરૂર છે, તેમ તેમની પોથીને પણ એક જ પાનામાં ગૂંગળાઇ જવાની ફરજમાંથી મુક્ત કરવી જોઈએ. વળી બાળકોનો સ્વભાવ એવો લાગે છે કે તેઓ કટકે કટકે ઘણું કામ કરે છે. તેમની આગળ એક પાનું, પછી બે પાનાં, એમ એક પછી એક ચાલ્યું આવે તો તેઓને અઘરૂં નહિ લાગે. તેઓ સુંદર કટકા પાડીને ગોઠવી રાખેલી ચોપડીઓ ઘણી ઝપટથી વાંચી કાઢી શકે છે. તે જ કટકાની એક સળંગ આખી ચોપડી તેમની પાસે મૂકતાં તેમને અધધધ થઇ પડે છે. બાલમાનસની આ વૃત્તિને જાણનારા બાળકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ ચલાવીને લઇ જતી વખતે માત્ર ટૂંકાં ટૂંકાં નિશાનો સામે રાખી બાળકને ચલવે છેઃ "એ ચાલો પેલા થાંભલા પાસે; હવે પેલા ગરનાળા સુધી; હવે ઓલ્યા પથરા સુધી." વગેરે.

આમ ઝટપટ પાનાં ફરી શકે એવી પચાસ

સો શબ્દોવાળી પોથીઓ બાળકોએ કેટલીયે વાર—સો સો વાર વાંચ્યાના દાખલા છે. શબ્દપોથી તો શું પણ વાચનમાળાની બધી ચોપડીઓને આ દૃષ્ટિએ ગોઠવવાની જરૂર છે.

: ૭ :

'શબ્દપોથી' વાચનમાં પ્રવેશતાં બાળકોનું પ્રથમ પગલું છે. ત્યાર પછીનાં પગથિયાં 'ચિઠ્ઠી-વાંચન' અને અન્ય પોથીઓ છે. જો કે આજની 'બાળપોથીઓ'માં પ્રથમ પગલે શબ્દને સ્થાન આપ્યું છે, પણ તે માત્ર એક કે બેજ પાનાંમાં, ઝીણા અક્ષરે, બાળકને આકર્ષે નહિ એવી રીતે; અને બાળકોના જીવનમાં શબ્દવાચનની જે ભૂખ ઉભી થાય છે તેને તૃપ્ત કરવા માટે માત્ર પૂરા એક કોળિયા જેટલુંય નહિ. 'બાળપોથી'માં તો એક પાનું પૂરૂં થયું કે બાળકે તુરત જ બીજું પાનું ઉઘાડવું જ જોઇએ. આ નવું પાનું વાકયનું હોય. બાળકને ઘણા ઘણા શબ્દો વાંચવાની ઇચ્છા અને જરૂર હોય છે છતાં તેને વાકય પર જવું પડે છે; તે ઘડીએ જે વ્યાયામ કરી તેને આગળ વધવાનું છે તે વ્યાયામ કરવાનું તેને મળતું નથી. પરિણામે અપૂર્ણ તૈયારીએ, અર્ધભૂખ્યા પેટે બાળક આગળ ચાલે છે ને કાચું રહે છે. માટે

વાચનમાળા ગમે તે ચાલે, તેની રચના આજે ફરી જાય કે ન ફરે, પણ 'શબ્દપોથી'નું વાચન તો હરેક શાળામાં દાખલ થવું જ જોઇએ. આવી પોથીઓ શિક્ષકો જાતે બનાવે, ઉપલા ધોરણનાં બાળકો તેમાં મદદ કરે, નાનાં બાળકો તે કેમ બને છે તે જુએ અને તેમાં પડતી મહેનત, લેવાતી કાળજી વગેરે જાણી સફાઇથી વાપરતાં શીખે એ ખાસ ઇચ્છવા જોવું છે. એમ કરવાથી વસ્તુની બાબતમાં બાળરુચિને અનુસરી શકાશે. તેમાં વાતાવરણનું પ્રતિબિંબ પડેલું હોવાથી બાળકને તે વધારે જીવંત લાગશે. પોતાની જ શાળામાં તે બનાવી છે તેથી તેનો તેને શોખ લાગશે. વ્યક્તિશિક્ષણની શાળામાં આવી એકાદ બે પોથીઓથી ચાલી શકે; સમૂહશિક્ષણની શાળામાં શિક્ષક પોથીવાચનના વારા ગોઠવે.

પ્રત્યેક શિક્ષકે આ પ્રયોગ કરી જોવા જેવો છે. બાળકો શબ્દો વાંચ્યા જ કરશે. તેઓ ઝટપટ વાક્યો ઉપર ચડી જઇને વાચન બગાડે છે તેના કરતાં ઘણા ઘણા શબ્દો વાંચી તે દ્વારા સુંદર વાચનશક્તિ કેળવશે. ' શબ્દોપોથી ' વાચનબળ કેળવવાનું કિંમતી સાધન છે. આ સાધનને દરેક શાળા જરૂર વાપરી તો જુએ જ.

# દ્વિતીય ખંડ

## ચિઠ્ઠીવાચન

: ૨ :

આજના વિદ્યાર્થીના હાથમાં શાળામાં ચાલતું એકાદ પુસ્તક આપીને કહીશું: "આમાંથી વાંચો જોઇએ." તો જો પાઠ ચાલેલો હશે તો તે આડું-અવળું જોયા વિના કડકડ વાંચી જશે, પાઠમાં રહેલ અર્થ કે ભાવથી તેના મોઢા ઉપર કશા ફેર-ફારો થતા જણાશે નહિ, તેને પાઠ વાંચવાનું કામ એક વેઠ જેવું લાગશે. જો પાઠ ચાલ્યો જ નહિ હોય તો તો "નથી ચાલ્યો." એમ કહીને છૂટી જશે. આપણે કહીશું કે "વાંચો તો ખરા." તો તે કદાચ વાંચશે, પણ તેમાં કેટલીયે ભૂલો કરશે ને પોતાની મૂળ અશ્રદ્ધામાં ઉલટો વધારો કરશે. તેના મનમાં એમ જ ઠસી ગયું છે કે ચાલેલા પાઠ સિવાય બીજું કશું બરાબર વાંચતાં આવડે જ નહિ.

ચાલતી ચોપડીઓ સિવાયની બીજી ચોપ-ડીઓ વાંચવાનું તેમને ભાગ્યે જ સૂઝે છે કે મળે છે. કદાચ ભોગજોગે એકાદ એવી ચોપડી મળી

આવશે ને તે વાંચવાનું મન કરશે તો નકલ કર-નાર કારકુન જે રસ અને સમજણથી નકલ કરી છૂટે છે તેમ તે વાંચી છૂટશે. ઘરમાં પડેલી ભાઇ-ભાંડુની કે પિતાની ચોપડીઓ ઉપાડીને વાંચવા-વાળાં માત્ર થોડાં જ બાળકો ઘણી તપાસને અંતે મળી આવે.

ઉપર કહેલ શાળાના વિદ્યાર્થી પાસે યોગ્ય પુસ્તક વંચાવી તે બંધ કરાવી પૂછશું કે "શું વાંચ્યું ?" તો જો પાઠ ચાલેલો હશે તો તે પાઠ ઘણી વખત વાંચેલો અને સમજેલો–ગોખેલો હોવાથી તે તેનો સાર કડકડ કહી જશે: હમણાં જ વાચન કર્યું તેની છાપ તરીકે તો નહિ જ. વળી વાંચતી કે સાર કહેતી વખતે તેનું મન વસ્તુનાં અર્થ અને ભાવથી જળકમળવત્ અસ્પૃષ્ટ જ દેખાશે. તેની આંખોમાં વાચનના સારનું તેજ નહિ જણાય, તેના ચહેરા પર જ્ઞાનાનંદની સ્ફૂર્તિ કે પ્રસન્નતા નહિ દેખાય. તેને મન બધી ક્રિયા સાધારણ લાગશે.

જો પાઠ ચાલેલો નહિ હોય તો તો શરૂઆ-તની એકાદ બે લીંટીઓ પરીક્ષક કે વંચાવનાર સાર પૂછશે એવા વિચારથી યાદ રાખી લીધી હશે તો તે બોલશે, અને પછી જડ જેમ ઉભો રહી

હાથ ચંચવાળશે કે આકાશ સામે જોશે, ને કહેશે કે "પાઠ ચાલ્યો નથી."

વળી ચાલતા પાઠમાંથી બાળકને સાર પૂછીએ છીએ ત્યારે તે પારા પછી પારા એક સરખા સંગીતથી બોલી જાય છે. જે વિદ્યાર્થી પાઠનું વસ્તુ એવું ને એવું વધારેમાં વધારે યાદ રાખી શક્યો હોય તેને સારો સાર આવડ્યો છે એમ કહેવાય. વસ્તુમાં શું કથન છે, તેની સંકલના શી છે, તેનો મર્મ શો છે એ વગેરે સાર કહી જનાર વિદ્યાર્થી જાણે છે એમ નથી. જરા ઉંડા ઉતરીને પૂછીએ છીએ ત્યારે તુરત જ માલૂમ પડે છે કે ખરી રીતે તે કશું સમજ્યો જ હોતો નથી.

જે શબ્દોના અર્થો તેણે નોટબૂકમાંથી ગોખ્યા હોય છે અગર શીખ્યો હોય છે તે તે કહી શકે છે. તેમાં એક શબ્દને બદલે બીજો શબ્દ મૂકી જવાની સાદી ક્રિયા સિવાય બીજું કશું હોતું નથી. એ શબ્દોના અર્થોમાં રહસ્ય, ખૂબી, ચમત્કાર, અનુભવ, સામર્થ્ય વગેરે ક્યાં છે, કેવાં છે તેનાથી તે છેક અજાણ જ હોય છે.

વિદ્યાર્થી પાઠ વાંચે છે, તેનો અર્થ બોલે છે, સાર કહી જાય છે. આપણને લાગે છે કે તે

બધું સમજ્યો છે. છતાં પાઠે તેને હલાવ્યો હોતો જ નથી; તેમાંથી ઉત્પન્ન થતા ભાવોને તેણે ઝીલ્યા નથી હોતા; તેનો રસ તેણે નથી ચાખ્યો; તેનું રહસ્ય તેને સમજાયું નથી. પાઠ તેને મન જીવન્ત વસ્તુ નથી; પાઠ તેની રગેરગમાં રસ આપતો નથી; તેની બુદ્ધિને ઉંચી નીચી કરતો નથી; તેની કલ્પનાને ઉડાડતો નથી; તેની લાગણીના તારોને ઝણઝણાવી શકતો નથી. પરિણામે વાચન વેઠ થાય છે. આવી વેઠમાંથી પસાર થયેલો વિદ્યાર્થી ભાષાનો ખરો પરિચય સાધી શકે નહિ, ભાષામાં જે જાદુ છે તેનાથી મંત્રમુગ્ધ થઇ શકે નહિ, તેના સંગીતથી ડોલી શકે નહિ; ભાષાનાં અર્થની પેલી પારની ભાવનાની દુનિયામાં તે જઈ શકે નહિ. બહુ બહુ તો ભાષા તેને માટે એક વ્યવહાર સમજવા માટે વેપારીની ગણિતની કિંમતની અને અર્થની રહે. ભાષાશિક્ષણમાં કેવા ફેરફારો કરીએ તો આમ ન બને તે વિચારવાનું છે. શબ્દોમાં કે વાક્યોમાં રહેલા અક્ષરોના માત્ર ઉચ્ચારણને વાચન કહેવાય નહિ. માત્ર મૂળાક્ષરો જેમ કે ક, ખ, પ, ચ, ટ, અથવા A, B, P, S હરકોઇ પુસ્તકમાંથી મૂળાક્ષર જાણનાર વાંચી શકે તેણે વાચન કર્યું ન કહેવાય.

માત્ર તાલબદ્ધ વાચન પણ કાંઇ વાચન નથી. વાચનનો પ્રાણ અર્થની સમજણમાં છે. જ્યારે માણસ બે કે તેથી વધારે અક્ષરોના શબ્દોને કે એવા શબ્દોનાં સમૂહને એટલે વાક્યોને એમાં રહેલ અર્થને સમજતો જતો ઉકેલે, ત્યારે તેણે વાચન કર્યું કહેવાય.

શબ્દોના અર્થો કોશમાંથી ગોખાને ખરો શબ્દાર્થ જાણી નથી શકાતો; તેમાં સાચો અર્થ શીખવા જતાં ખોટો અર્થ પણ શીખાય છે. ભાવ પરત્વે એક જ શબ્દ જુદા જુદા અર્થ લે છે. વળી એક જ અર્થના દેખાતા શબ્દોમાં રહેલાં ઝીણા ઝીણા તફાવતો અનુસંધાનમાંથી મેળવાય છે. શબ્દસામર્થ્ય અને શબ્દતોલન કોશમાં-કે અર્થની નોટોમાંથી નથી જડતાં; પરંતુ જેમ જેમ ભાષા અનુભવ સાથે જોડાતી જાય છે તેમ તેમ શબ્દના અર્થો, શબ્દમાં રહેલ સામર્થ્ય, તોલન વગેરે આવતાં જાય છે. તલવાર વાગે છે ત્યારે જ તેની શક્તિની ખબર પડે છે, તેમ શબ્દ અનુભવમાં ઉતરી માણસને વીંધે છે ત્યારે જ સાર્થ થાય છે. ત્યાં સુધી તે ધ્વનિસમૂહ માત્ર છે. અનુભવની સૂક્ષ્મતા અને ઉંડાણ સાથે એના એ જ શબ્દોના અર્થો સૂક્ષ્મ અને ઉંડા ભાવવાહી બને છે. સારાંશ

અનુભવના બળમાં, ઉત્કટતામાં, ઊંડાણમાં કે ઉગ્રતામાં શબ્દો પ્રાણવાન અને તેજસ્વી બને છે.

આવી રીતે શબ્દનો અર્થ અનુભવનાર માણસ જ્યારે ઉપર કહેલ અર્થમાં વાંચે છે ત્યારે તેણે અર્થપૂર્વક એટલે સમજણપૂર્વક વાંચ્યું કહેવાય.

અર્થપૂર્વક વાંચનારાઓ સઘળા અંદરથી હલી જાય છે એમ નથી. અર્થપૂર્વકનું વાચન અંદરની ભાવના સાથે જોડાય છે ને અંદરના તારોને હલાવે છે ત્યારે વાચન ભાવનાપૂર્વકનું વાચન બને છે. ભાવનાપૂર્વકના વાચનનો પ્રમુખ આધાર મનુષ્યની તે વખતની માનસિક સ્થિતિ ઉપર પણ હોય છે. આજે એક વસ્તુ એક મનુષ્યને ડોલાવે તે કાલે તેને ન પણ ડોલાવે. તેની વાંચવાની ને અર્થ સમજવાની રીતમાં કશો ફેર ન પડે તો પણ ભાવાનુભવમાં ફરક પડ્યા જ કરવાનો. સમજણપૂર્વકનું વાચન એક રીતે ભાવનાપૂર્વકના વાચનની તૈયારી રૂપે છે. ભાવનાપૂર્વકનું વાચન વિશેષતઃ આત્મલક્ષી છે તેથી તે શિક્ષણનો વિષય નથી બનતું. વાચનશિક્ષણના પ્રદેશમાં માત્ર સમજણપૂર્વકનું વાચન આવી શકે. વાચનનો અર્થ આ ઠેકાણે સાવ ટૂંકો કર્યો છે. વાચનનો ટૂંકો અર્થ તાલબદ્ધ, ઢબસરનું, હલકભર્યું, શુદ્ધ ઉચ્ચા-

રવાળું, સંગીતમય વગેરે પ્રકારનું વાચન. સમજણપૂર્વકના વાચનમાં વાચનનો અર્થ આવી જાય છે.

: ૨ :

જ્યારથી બાળક બે અક્ષરો વડે થતા અર્થને સમજીને બે અક્ષરોને ઉચ્ચારે છે ત્યારથી તે વાચન કરે છે. દાખલા તરીકે બાળક 'પ' અને 'ગ'ને વાંચી 'પગ' એ ધ્વનિસમૂહમાં જે અર્થ રહેલો છે તે સમજે ત્યારે તેણે 'પગ' શબ્દનું વાચન સમજણપૂર્વક કર્યું કહેવાય. આવા સમજણપૂર્વકના વાચનની શરૂઆત બને તેટલી વહેલી થવી જોઇએ; અર્થાત્ આ શરૂઆત બાળક અક્ષરોને ઓળખવા માંડ્યા પછી બે કે તેથી વધારે અક્ષરોને સાથે રાખી ઉચ્ચારી શકે તેટલી શક્તિ મેળવે ત્યારથી જ થવી જોઇએ. આજની વાચનમાળામાં અને શાળામાં જેમ અર્થ વગરનું ને યંત્રવત્ વાંચવાનું મળી જાય છે તેમ બાળકને યંત્રવત્ વાંચવાનું ન મળે, અને પહેલેથી જ તે અર્થવાળા વાચનને માર્ગે ચડે તેમ કરવું જોઇએ. એક વાર અર્થવાળા વાચનનું રહસ્ય બાળક જાણશે પછી તે અર્થ વિનાનું કશું વાંચી શકશે નહિ; અથવા તો જે વાંચશે તેનો અર્થ કરી લીધા વિના

તે આગળ ચાલશે નહિ. ટૂંકમાં બાળક આગળ પ્રથમ વાચન એવી રીતે આવવું જોઇએ–તેનો પ્રથમ અનુભવ એવો થવો જોઇએ કે તેનો તેને કાયમનો સ્વાદ રહી જાય, ત્યારથી તેની સમક્ષ બૌદ્ધિક આનંદનો માર્ગ ઉઘડી જાય; ને એક વાર બૌદ્ધિક આનંદનું પહેલું કિરણ મળ્યું તે વખતે જે સુખાનુભવ થયો તેને વારંવાર લેવા જાય.

બાળકને મૂળાક્ષરોનું જ્ઞાન થાય ત્યાં સુધી તે અક્ષરોના આકારો અને ધ્વનિઓ માત્ર શીખે છે. તેમાં વાચન કે અર્થનો રસ નથી. બાળક આ ધ્વનિના ઉચ્ચારોમાં સ્વતઃ રસ લે છે એ જુદી વાત છે. એવો રસ લેવા બાળક ગમે તે મોટી ચોપડી લઇને તેમાંથી પ, ક, ચ, ડ, કા, રી, એમ વાંચે છે ને મોટા ગંભીર વાંચનારનું ગાંભીર્ય બતાવે છે. ઘણી વાર તે ધ્વનિસમૂહો–અર્થ રહિત વાંચેલા શબ્દો–પણ ઉચ્ચારે છે. આ જાતના વાચન–ઉચ્ચારણને પણ અવકાશ છે; એનું પુનરાવર્તન સ્વાભાવિક છે. પણ તેથી આ કામને ‘વાચન’ એવું નામ આપી શકાતું નથી. બેશક આ વખતે જ બાળકને ધ્વનિસમૂહોના અર્થ ઉપર એટલે સમજણપૂર્વકના વાચન તરફ લઇ જવાતું છે. આ વખતે એક એવો તણખો ખેરવ-

વાની જરૂર છે કે જે બાળકને એક નવા જ પ્રદેશનું દર્શન કરાવે, તેને એક નવો જ અનુભવ કરાવે. પરિણામે બાળક ફરીફરીને એ અનુભવ કરવાં માટે ઝંખશે. એ અનુભવ એવો થવો જોઇએ કે પોતે એકાએક કોઇ નવા વાતાવરણમાં, નવા પ્રાણવાયુમાં, નવીન દુનિયામાં આવ્યું છે એમ બાળકને લાગી જાય. આ અનુભવ કરાવવાનો વખત ચૂકયા પછી પાછળથી આ અનુભવ કરાવી શકાશે નહિ. આવો અનુભવ યથાકાળે ન થવાથી જ બાળકો અને આપણે સૌ વાંચીએ છીએ છતાં તેનો મર્મભેદી ઉંડાણનો આનંદ લઇ શકતા નથી: જ્યારે બાળક ઉપર કહ્યું તે પ્રમાણે ધ્વનિઓ કે ધ્વનિસમૂહોને ઉચ્ચારે ત્યારે આ નવો અનુભવ આપવાનો વખત આવી લાગ્યો છે એમ સમજવું.

આ માટે એક બીજું સાધન વાપરવું જોઇએ. આ સાધન ચલમૂળાક્ષરોની પેટી છે. આ પેટીમાં કેટલાંક ખાનાંઓ હોય છે. આમાં કાર્ડબોર્ડમાંથી કાપી કાઢેલા અક્ષરો મૂકવામાં આવે છે. અક્ષરોમાં વ્યંજનો ગુલાબી રંગના અને સ્વરો ભૂરા રંગના રાખવામાં આવે છે. અક્ષર માટેના દરેક ખાનાને તળીએ અને બાજુએ અક્ષરનું નામ લખેલું જોઇએ. આથી અક્ષર શોધવો કે અક્ષર માટે ખાનું

શોધવું આકરૂં પડે નહિ.

હવે સમજણપૂર્વકના વાચનનો પ્રથમ અનુભવ કેમ કરાવવો, પહેલો ભડાકો કેમ કરવો તે આપણે જોઇએ. આ કામ ખૂબ કાળજીપૂર્વક કરવાનું છે.

પેટીમાંથી બે અક્ષરો મંગાવવા; તે એવા કે જેને પાસે મૂકી વાંચવાથી અર્થ થાય. દાખલા તરીકે 'પ' અને 'ગ', 'મં' અને 'ધ', 'મ' અને 'ઠ', 'ખ' અને 'ડ'. બાળક અક્ષરો લાવે એટલે તે પાસે પાસે મૂકાવી તેનો અનુક્રમે ઉચ્ચાર કરાવવો. શરૂઆતમાં બાળક 'પ...ગ...' એમ વાંચશે; વારંવાર વંચાવતાં ગતિ વધશે ને છેવટે બાળક 'પગ' એમ વાંચશે. આ વખતે તેને નવો અનુભવ થશે. 'પ... અને ગ...એવા છૂટા ધ્વનિઓને બદલે 'પગ' એવો એક ધ્વનિ તે સાંભળશે. આવો ધ્વનિ તે હરહમેશ પોતાના શરીરના એક ભાગ માટે વાપરે છે એ બાજુ તેનું એકાએક ધ્યાન ખેંચાતાં તેના મનમાં નવો પ્રકાશ પડશે. તેને થશેઃ "અહાહા ! આ શું બન્યું ? 'પ' અને 'ગ'નો અર્થ આ છે ?" આ આશ્ચર્ય સાથે તે ભાષાના પ્રદેશનો પ્રવાસી થઇ ચૂકશે. આ જ વખતે 'પગ' શબ્દસંજ્ઞાથી પોતે મુખભાષામાં જે સમજે છે તે જ 'પ' અને

'ગ' સાથે મૂકવાથી ને તેનો ઉચ્ચાર કરવાથી બને છે, તે સમજતાં તેનું વાચન અર્થવાળું થશે. અક્ષરો પાસે પાસે મૂકવાથી અર્થવાળા ધ્વનિઓ થાય છે એ એક નવી શોધ થાય છે. પોતે અત્યાર સુધી જે બધું બોલતું હતું તેમાં પાસે પાસે મૂકેલા અક્ષરોના ધ્વનિઓ જ હતા એ તેને સમજાતાં મનમાં વાણીમાત્રને તે અક્ષરધ્વનિઓ રૂપે જોવા લાગે છે. આ વળી એક બીજી શોધ. આ શોધ આખરે તેને જોડણીના પ્રદેશમાં લઇ જાય છે. પણ તે વિષે આપણે આગળ નહિ બોલીએ. ટૂંકામાં આ વખતથી તે ભાષાના વિધવિધ પ્રદેશો જેવા કે શબ્દો, વાક્યો વગેરે તરફ એક પગલું–પ્રથમ પગલું મૂકશે, તેના માનસિક વ્યવહારોમાં વધારો થશે ને સાથે જ તેનો આનંદપ્રદેશ પણ વિશાળ બનશે. પરંતુ આ બધું તો જ બનશે કે જો બે ધ્વનિવાચક અક્ષરો સાથે મૂકવાથી અર્થવાહક ધ્વનિસમૂહ–એટલે કે શબ્દ બને છે, એવી શોધ પોતે જ કરેલી છે એમ તેને લાગશે. અર્થાત્ એમ તેને લાગે તેવી રીતે તેને તે તરફ લઇ જશું તો જ.

'પગ' શબ્દનું વાચન એ પહેલી ચિઠ્ઠી થઇ. અહીં જ્યોત સળગી. અહીંથી સાહિત્યના અભ્યા-

સનું પ્રસ્થાન થયું.

હવે જરા આગળ વધીએ. વાચનનું જેણે રહસ્ય જાણ્યું, જેણે એનો આનંદ અનુભવ્યો તે હવે વાચનને માગશે ને સળગેલી જ્યોત વધીને મહાનલ થઈ જાય ત્યાં સુધીનો માર્ગ પણ શોધશે. આ માર્ગ ચિઠ્ઠીવાચનનો જ છે. આ આખો માર્ગ એટલે ક્રમિક પગથિયાંની એક લાંબી સીડી. હવે આપણે બાળક સાથે આ સીડી ઉપર ધીમે ધીમે ચડીએ.

: ૩ :

શરૂઆતની ચિઠ્ઠીઓના બે પ્રકારો ગણી શકાય. પદાર્થનામવાચક શબ્દો લખેલી કાપલીઓ વાંચી તે પ્રમાણે પદાર્થો બતાવવાની કે લાવવાની ચિઠ્ઠીઓનો એક પ્રકાર, અને ક્રિયાવાચક શબ્દો લખેલી કાપલીઓ વાંચી તે પ્રમાણે ક્રિયા કરવાની ચિઠ્ઠીઓનો બીજો પ્રકાર.

માત્ર થોડા ઘણા શબ્દો આવડે કે તરત જ પદાર્થચિઠ્ઠીઓ આપવાનું શરૂ કરાય. બાળકને આનંદ જેટલો બને તેટલો વહેલો આપવો ઇષ્ટ છે. એથી એની માનસિક પ્રવૃત્તિઓમાં એક વધે છે;

ઘણી વાર બીજા આનંદો જેને ઓછા સ્પર્શે છે તેને તો આ માર્ગ ઉઘડતાં ઘણો વધારે લાભ થાય છે. માટે ચિઠ્ઠીવાચન શરૂ કરવા માટે મૂળાક્ષરના કે બારાક્ષરીના પૂરા જ્ઞાનની રાહ જોવાની જરૂર નથી.

ચિઠ્ઠીઓના શબ્દો આવા હોયઃ નખ, પગ, ધન, તજ, તલ, મગ, મઠ.

બાળક બારાખડી જાણતું જાય તેમ તેમ અનુક્રમે આવી જાતની ચિઠ્ઠીઓ અપાયઃ

૧ હાથ, નાક, કાન, વાળ, કાચ, ચાક.

૨ છબી, છાતી, છરી, શાહી, સીડી, પાની, પાટી, બારી, પાણી.

૩ ટેબલ, ખુરશી, પેરણુ, પેટ, ચોપડી, ઘડિયાળ, ગોળ, મિનારો, ભીકનો.

૪ ચિઠ્ઠી, અક્ષર, ત્રિકોણ, પ્યાલો, પુસ્તક, ચશ્માં, નાસ્તો, આઇસ્ક્રીમ.

શરૂઆતમાં જ્યારે બાળક કાનો, માત્રા અને ત્રણ અક્ષરના શબ્દો સુધી ન ગયું હોય ત્યારે ચિઠ્ઠીવાંચનની રમત આ પ્રમાણે ચલાવવી. તેને મોઢેથી કહેવું કે આ ચિઠ્ઠીમાં જે લખ્યું હોય તે

લાવવા જેવું હોય તો 'લાવો' ને બતાવવા જેવું હોય તો 'બતાવો.' એટલે બાળક ચિઠ્ઠી વાંચી 'કાન' બતાવશે અને 'ધન' લઇ આવશે: પણ જ્યારે કાનોમાત્રાવાળા શબ્દો વાંચતું થઇ જાય ત્યારે તેની ચિઠ્ઠીમાં 'બતાવો' અને 'લાવો' એવા શબ્દો લખવા. શરૂઆતમાં આ બે ક્રિયાપદો લેવાં ઠીક છે. આ બે ક્રિયાપદો એનાં એ રહે ને નવા નવા પદાર્થવાચક શબ્દો વંચાય તો જ આ જાતની ચિઠ્ઠીનો ખરો ઉપયોગ થાય; તેમ જ થવું જોઇએ.

શરૂઆતની ચિઠ્ઠીઓ બે ઇંચ લાંબાપહોળા કાર્ડબોર્ડના કટકાઓ ઉપર મોટા અક્ષરે લખાવી જોઇએ. તે એકાદ રંગીન પેન્સિલથી કે શાહીથી લખાય. તેનો દેખાવ નમૂના જેવો થશે.

| |
|---|
| કાન |

ચિઠ્ઠીનું વસ્તુ બાળદુનિયાનું અને શાળાની પરિસ્થિતિ માહેનું જોઇએ. આવી ચિઠ્ઠીઓના વર્ગો પાડી તેને વર્ગવાર જુદી જુદી પેટીઓ અગર પોટકીઓ કે ડાબલામાં રાખવી. સેળભેળ થઇ જાય તો ઝટ શોધીને વર્ગીકરણ થઇ શકે માટે પીડના કાગળો ઉપર નિશાન રાખવાં. બાળકો પોતે જ રંગીન કાગળોનાં કે ભૌમિતિક આકૃતિ-

ઓનાં નિશાનોવાળી ચિઠ્ઠીઓનું વર્ગીકરણ હોંશથી કરશે. તે પણ એક સ્વતંત્ર રમત થઈ પડશે. રમત રમાયા પછી બાળકે ચિઠ્ઠીઓ વગેરે સર-સામાન પાછો હતો ત્યાં મૂકી દેવો જોઈએ. તેને તેની તાલીમ આપવાની જરૂર છે; તે ખાતર પણ આવી વર્ગવારની અને નિશાનવાળી ચિઠ્ઠીઓ વધારે મદદગાર થશે.

: ૪ :

રમત માટે ચિઠ્ઠીઓની જરૂર છે તેમ જ ચિઠ્ઠીમાં લખેલા પદાર્થો કે પરિસ્થિતિની પણ જરૂર છે. આ પદાર્થો એકાદ ટોપલીમાં રાખેલા હોય કે વર્ગમાં બીજા કામકાજ માટે છૂટા પડેલા હોય. રમત રમવા માટે બાળક ઉપર વર્ણવી તેવી ચિઠ્ઠી લઈ પ્રથમ મનમાં વાંચે, પછી તેમાં લખેલ પદાર્થને આંગળી ચીંધી બતાવે અથવા લઈ આવે, અગર તો ચિઠ્ઠી જ તેના પર મૂકી આવે. બાળકને યોગ્ય લાગે તેમ પદાર્થ અને ચિઠ્ઠીનો યોગ કરે. શિક્ષક ફરતો રહે અને બાળકની રમત બરાબર છે કે નહિ તે જોઈ 'બરાબર' એમ કહેતો જાય. છતાં બાળકની ભૂલ પડે તો તેણે ત્યાં ને ત્યાં તે ભૂલ બતાવવાની નથી જ; પણ બાળક ભૂલ શા માટે કરે છે તે જાણી લઈ તેને બીજી રીતે રસ્તે

મૂકવાનું છે. શિક્ષકનું 'બરાબર' પ્રમાણપત્ર સાંભળી લઈ બાળક બીજી ચિઠ્ઠી લે; તે રમે પછી ત્રીજી; ને એમ રમત ચાલે. બાળકો ચિઠ્ઠીઓ વાંચતાં જાય ને રમકડાં કે બીજા પદાર્થો લાવતાં જાય. તેમાં આવેલા બધા પદાર્થોની સુંદર ઘટના કે મંદિર કે મંડળ પણ કરે. પછી રમત રમાઈ રહે એટલે પાછું બધું ઠેકાણે મૂકી આવે. બાળકો સાથે મળીને વાંચે કે એકએક બાળક જુદું વાંચે તે તેની મરજીની વાત છે. બાળકોને જેમ જેમ સ્વતઃ વાચનમાં બૌદ્ધિક રસ આવતો જશે તેમ તેમ તેઓ પદાર્થો માટે ચિઠ્ઠીઓ નહિ વાંચે પણ ચિઠ્ઠીવાચનના પરિણામે પદાર્થોને લાવશે કે અડશે વગેરે કરશે. ચિઠ્ઠીવાચનનું આકર્ષણ વધારવા ખાસ બજારમાં વેચાતાં રમકડાંને વસાવવાની જરૂર નથી. બાળકોએ પોતે જ બતાવ્યું છે કે ચિઠ્ઠીવાચનના રસ આગળ રમકડાંનો રસ તેમને મન ક્ષુદ્ર છે. આ બાબતમાં આમ બનેલું. ડૉક્ટર મોન્ટીસોરીએ પોતાની શાળામાં બાળકોને ચિઠ્ઠીવાચનમાં રસ પાડવા માટે રમકડાંના નામની ચિઠ્ઠીઓ રાખીને બાળકોને કહ્યું: "જેમને રમકડે રમવું હોય તે ચિઠ્ઠીઓ વાંચે. પણ ચિઠ્ઠીમાં જે એક રમકડું આવ્યું હોય તેનાથી જ મનગમતો વખત રમાય;

બીજાથી રમવા માટે બીજી ચિઠ્ઠી વાંચવી પડે." થોડી વાર બાળકોએ રમકડાં લીધાં ને રમ્યાં પણ પછી ચિઠ્ઠીવાચનના રસની તે આડે આવવા લાગ્યાં. આપણે પણ ચિઠ્ઠીવાચનમાં આ વાત ધ્યાનમાં રાખવી. બાળકોને ચિઠ્ઠીવાચન જ એટલું રસિક થઇ પડે છે કે તેઓને પદાર્થનું આકર્ષણ લાગતું નથી.

આ રમત ખૂબ ઉત્સાહથી રમાય છે. નિશાળમાં એક નવો અનુભવ થાય છે. જ્યારે આવી રમત ચાલશે ત્યારે શાળામાં ચારેકોરથી પદાર્થો એકઠા થવા માંડશે; બાળકોનું ધ્યાન ફરી વાર પદાર્થો તરફ નવી દૃષ્ટિથી ખેંચાશે. ઇંદ્રિયશિક્ષણ ચાલતું હતું ત્યારે પદાર્થોનાં રૂપરંગ બાળકને આંગળી કરી બોલાવતાં હતાં કે "આવો આવો. 'રાતો' રંગ આ રહ્યો; 'ત્રિકોણ' આકાર અહીં છે; 'ઘન' અહીં બેઠો છે; 'સીડી' અહીં સૂતી છે." આ રમત ચાલશે ત્યારે પદાર્થો કહેશે: "મને લઇ જાઓને ? મારું નામ 'ચોરસ' છે; મારું નામ 'કાચ' છે; મારું નામ 'રૂમાલ' છે; મારું નામ 'સાબુ' છે. તમે મને તો ઓળખો છો." વળી બાળક જ શિક્ષકને પૂછશે: "સમકોણ ક્યાં છે?" વગેરે. એટલે બાળક નવા નવા શબ્દો

વાંચી નવા નવા પદાર્થોને પણ ઓળખશે. આ રમત વખતે હાલવા ચાલવાની ક્રિયા કરવી જ પડશે એટલે સાથેસાથે શારીરિક વ્યાયામ ચાલ્યા જ કરશે.

: ૫ :

શરૂઆતની ચિઠ્ઠીઓથી માંડીને ઠેઠ સુધીની ચિઠ્ઠીઓના વાચન સંબંધે એક નિયમ જાળવવો જરૂરનો છે. કદાચ બાળક જેમ જેમ ચિઠ્ઠીવાચનમાં આગળ વધે તેમ તેમ તેને આ નિયમની સખ્તાઇ લાગુ ન કરીએ; વ્યક્તિવાર છૂટ પણ આપીએ. આ નિયમ એ છે કે બાળકે ચિઠ્ઠી વાંચી તે પ્રમાણે કામ કરવું ને પછી વાંચેલી ચિઠ્ઠી શિક્ષક પાસે આવી મોટેથી વાંચી જવી. આવી પ્રથા પડવાથી મૂકવાચનની સાથે જ મુખવાચન પણ તૈયાર થશે. બાળક ચિઠ્ઠી પ્રમાણે પદાર્થ લાવે છે તે ઉપરથી એટલું સમજાય કે તે વાંચી તો શકે છે. પણ તેના ઉચ્ચાર વગેરે શુદ્ધ અને સ્પષ્ટ છે કે નહિ, તે અર્થ અનુમાનથી અથવા એકાદ બે યુક્તિપ્રયુક્તિથી ચલાવે છે કે થોડુંઘણું અકસ્માતથી ચાલે છે, એ વગેરે આ પ્રમાણે મુખવાચન કરાવતા જવાથી ખબર પડશે. શિક્ષક બાળકની શક્તિ અને

અશક્તિ જાણી લઇ તેને માટે યોગ્ય ચિઠ્ઠીઓનો પ્રબંધ રચે.

આવી રમતો વખતે શિક્ષકે પ્રત્યેક બાળકનાં ભાષાવિકાસ અને ભાષારુચિનો અભ્યાસ કરવાની તક લેવી. અવલોકનથી શિક્ષકને ઘણું જાણવાનું મળી રહેશે. ખાસ કરીને તો કઇ ચિઠ્ઠીઓ ચાલે છે ને કઇ નથી ચાલતી તે તો તેણે બારીકીથી જોવાનું જ છે.

બાળકો ઉપર કહી તેવી કાર્ડબોર્ડની ચિઠ્ઠીઓ પોતાની મેળે વાંચીને રમે એ સૌથી ઉત્તમ છે. છતાં બીજી જાતની રમતને ખીલવી શકાય.

શિક્ષક પાટી કે પાટિયામાં શબ્દ લખી આપે કે લખે, ને બાળક તે પ્રમાણે પદાર્થ લાવે કે બતાવે. ખર્ચ બચાવવાની આ સારી રીત છે. સમૂહગત શિક્ષણમાં પણ આ રીત ઠીક પડે. પણ આવી ચિઠ્ઠીઓમાં બાળકો અંદર અંદર સહકાર થોડો સાધી શકે. તેનું દફ્તર રાખી ન શકાય, તેથી તેમાંથી બાળકોના વિકાસનો ઇતિહાસ શોધી ન શકાય; તેમ જ ચિઠ્ઠીની પ્રાયોગિક કિંમત વગેરે નક્કી કરવાનાં સાધનો હાથમાં ન રહે. છતાં બુદ્ધિશાળી શિક્ષકો જો મૂળ હેતુ સાચવીને કામ કરે તો ઓછા ખર્ચમાં ઘણી જાતની રમતો

રમાડી શકે. ઉપર કહેલી કાર્ડબોર્ડની ચિઠ્ઠીઓ કે રેલ્વેવાળાઓ પાર્સલોને લગાડે છે તેવી ચિઠ્ઠીઓ એકંદરે અત્યંત સસ્તી છે. એની એ જ ચિઠ્ઠીઓ વર્ષો સુધી જો સાચવીને વાપરે તો ચાલ્યા કરે; દ્રવ્ય અને શક્તિ ખર્ચવાં ન પડે અને બાળક શિક્ષકથી છૂટું પડી સ્વાધીનપણે કામ કરતું થાય. આ છેલ્લો લાભ સૌથી મોટો છે.

: ૬ :

હવે શરૂઆતની ચિઠ્ઠીઓના બીજા પ્રકાર વિષે લખીએ. ‘ બતાવો ’ અને ‘ લાવો ’ આ પ્રકારની ચિઠ્ઠીઓની મર્યાદા સાવ ટૂંકી છે. બાળકને એક વાર શારીરિક ક્રિયા અને બૌદ્ધિક વ્યાપારનો આનંદ હાથ લાગ્યો એટલે તે તેની પાછળ દોડે છે; એક આલ્હાદક નવો અનુભવ થયો છે તે વારંવાર કરવા ચાહે છે; વાચનપ્રદેશને વિસ્તારવા ઇચ્છે છે; પદાર્થોની દુનિયા ખૂટી પડતાં તે ક્રિયાની દુનિયામાં પ્રવેશવા માગે છે. આ વખતે તેને કેટલીએક ક્રિયાચિઠ્ઠીઓ આપી શકીએ.

વાંચવાનો એક આનંદ છે, ક્રિયા કરવાનો બીજો આનંદ છે; આથી ક્રિયાચિઠ્ઠીઓનો આનંદ બમણો થાય છે. દરેક ચિઠ્ઠી નવી ક્રિયા કરાવે છે

એટલે તે ચિઠ્ઠી 'લાવો' 'બતાવો' વાળી ચિઠ્ઠી કરતાં વધારે પ્રિય થાય છે. ક્રિયાચિઠ્ઠીઓ વાંચીને ક્રિયા કરનારાં બાળકોને જોઇને ન વાંચી શકે તેવાં બાળકો પણ તેમની ક્રિયામાં ભાગ લેવા તેમની સાથે જોડાય છે. કેટલાંએક બાળકો ક્રિયા કરવાનો આનંદ લેવા ખાતર ચિઠ્ઠી વાંચનારાં બાળકોનાં મિત્રો–જોડિયા–મદદગાર થાય છે. કેટલાંએક કહે છેઃ "અમને વાંચતાં નથી આવડતું પણ મોઢેથી ચિઠ્ઠી આપો." કેટલાંએક વળી ચિઠ્ઠી વાંચવા માટે જ અક્ષરો વગેરે શીખવા માંડે છે, ને કેટલાંએક સાચોસાચ ચિઠ્ઠી લખાવી શિક્ષક કે બીજા પાસે વંચાવી તેમ કરે છે. નાનું શરીર વિકાસ માગે છે. ક્રિયા માત્ર શારીરિક વ્યાયામ આપે છે. પોતાની ક્રિયાશક્તિ ક્રિયા દ્વારા જ કેળવવા બાળક તત્પર છે, એટલે તે ક્રિયા કરવા દોડે એ કેવળ સહજ છે. ઉપરાંત ચિઠ્ઠીવાચનનો બૌદ્ધિક આનંદ તો ઉભો જ છે.

સાધારણ રીતે સાદી ક્રિયાચિઠ્ઠીઓ આવી જાતઓઃ દોડો, સૂવો, ફરો, ઊભો, રડો, કૂદો, ગાઓ, નમો, નાચો, હસો, બેસો, ભાગો, રમો, સરો, નાચો, ફેંકો, ચાલો, વાંચો, બોલો, કૂદો.

બાળકો સહેજે જે ક્રિયાઓ કરી શકે, શાળાના વાતાવરણમાં જે ક્રિયાઓ થઇ શકે, જે ક્રિયાઓ એકદમ સ્થૂળ ને વધારે પ્રમાણમાં શરીરથી જ બતાવી શકાતી હોય, તેવી ક્રિયાઓને શરૂઆતમાં લેવી. જે ક્રિયાઓ બાળકો રાતદિવસ કરતાં હોય તેને પણ લેવી કે જેથી તેમનું તેના તરફ ભાષાની દૃષ્ટિએ ધ્યાન જાય, અગર તો તે ક્રિયાઓને માટે તેમને યોગ્ય ભાષા મળી આવે.

જ્યારે આવી ક્રિયાત્મક ચિઠ્ઠીઓ વંચાવા લાગે છે ત્યારે આખા ઓરડાનો દેખાવ જુદા જ પ્રકારનો બને છે. બધાં બાળકો કંઇ ને કંઇ ક્રિયા કરવામાં પરોવાયેલાં દેખાશે. કોઇ દોડે છે, કોઇ કૂદે છે, કોઇ હસે છે, કોઇ વાંચે છે તો કોઇ લખે છે. ચારેકોર પ્રવૃત્તિનું વાતાવરણ જામી રહે છે. બાળકની ગંભીરતા મોટા માણસના જેટલી જ હોય છે. તેના મ્હોં ઉપર મનનો અને શરીરનો આનંદ સ્પષ્ટ દેખાય છે. એકાગ્રતા, ક્રિયામાં તલ્લીનતા અને પ્રસન્નતાના કેટલાયે પ્રકારો સહજ મળી આવે છે. પ્રવૃત્તિનો દરિયો ઉછળતો હોય છે છતાં અવ્યવસ્થા નથી; દોડવું, કૂદવું વગેરે છે છતાં ધમાચકડી નથી. સમૂહગત શિક્ષણના વર્ગની જડ શાંતિને બદલે વિકાસની આનંદકોલ-

ઓથી ઝણઝણી રહેલ ક્રિયાનો ગુંજારવ સંભળાશે. દરેક બાળક કંઇ ને કંઇ હેતુથી આમતેમ ફરતું દેખાશે, તેથી વર્ગ નાના શહેરીઓનું બજાર કે ચૌટું બનેલો જણાશે, છતાં ત્યાં ચૌટાની ગરબડ નહિ જણાય.

બાળકો ચિઠ્ઠીઓ બદલતાં જશે તે સાથે કામ પણ બદલાશે. આ વખતે તેમની રુચિભિન્નતાનું દર્શન થશે. દોડવાનું શોખીન બાળક વારંવાર દોડવાની ચિઠ્ઠી લેશે; વિનોદી બાળક 'હસો' 'રડો' એવી ચિઠ્ઠીઓ વાપરશે; આરામપ્રિય બાળક અહીં પણ 'બેસો' કે 'સૂવો' ચિઠ્ઠીને શોધશે; બહાર ફરવાનું શોખીન બાળક વળી પોતાને મનપસંદ ચિઠ્ઠી ખોળી કાઢશે. બાળકની જાતજાતની માગણી ઉપરથી ક્રિયાચિઠ્ઠીઓનો સંગ્રહ પણ વધતો જશે.

: ૭ :

જે વખતે આ લેખ લખું છું તે વખતે જે બાળકોએ ત્રણ વર્ષ પહેલાં ચિઠ્ઠીઓ વાંચી હતી તે બાળકો પેલી જૂની ચિઠ્ઠીઓ એકાએક વાંચવા લાગ્યાં છે. ચિઠ્ઠીઓ વાંચવી તેમને રમતવાત છે કારણ કે આજે તો તેઓ મોટી મોટી ચોપડીઓ પણ

વાંચી શકે છે. છતાં તેમનો આનંદ તો એનો એ જ છે. ઉપરાંત તેમના આનંદમાં એક નવીનતા આવી છે; તે એટલા માટે કે તેઓ જૂના મિત્રોને મળવાનો જે અનુભવ છે તે લે છે. હમણાં જ તેમણે ચિઠ્ઠી પ્રમાણે કવિતા ગાઇ, ત્યાર પછી રાસડો લીધો. તેમને એક જાતની ગમ્મત પણ આવે છે. એ રીતે કે "અહો! આવું પણ આપણે એક વાર કરતાં હતાં; ને તે કરતી વખતે જે મુશ્કેલી નડી હતી તે આજે નથી." થઇ ગયેલી કે આવડી ગયેલી વાતોનાં પૂર્વસ્મરણો કહેવામાં કે લખવામાં જેમ આનંદ આવે છે તેમ તે ક્રિયાઓ ફરી વાર કરી જવામાં પણ આવે છે. ગણિત વગેરેનું ઉંમરને યોગ્ય કામ કર્યા પછી એક વિરામના આનંદનો અનુભવ બાળકો જૂની ચિઠ્ઠીઓ વાંચીને લઇ રહ્યાં છે. લખતી વખતે મારી સામે ચાલી રહેલો દેખાવ મને ચિઠ્ઠીવાચનના જૂના દિવસોની સ્મૃતિ કરાવે છે.

પસાર થઈ ગયા છતાં હજી પણ તેમાં જે એક જાતની મજા છે તે વિકાસક અને વિરામક બંને જાતની છે. વિરામ માટેની આ પ્રવૃત્તિ એ સ્વતઃ વિકાસક પ્રવૃત્તિ છે.

એટની એક વાત જુદે જુદે વખતે માણસના આગળ વધવાની સાથે જુદો જુદો અનુભવ કરાવે છે. આપણે મોટા થઈ બાળપોથી વાંચી જઈએ છીએ ત્યારે તેની પાછળ આપણો હેતુ કંઈક જુદી જ જાતનો થઈ પડેલો દેખાશે.

આમ ફરી વાર ચિઠ્ઠીવાચનની પાછળ રમત-ગમતનો હેતુ પણ હોઈ શકે.

ટૂંકમાં ત્રણ વર્ષે ચિઠ્ઠીવાચનમાં આટલી મજા આવે છે તે બતાવે છે કે ચિઠ્ઠીવાચનની રમત એક ખરેખરી રમત છે. હમણાં જ એ ચિઠ્ઠી વાંચનારાં બાળકોની કસોટી કાઢી. તેમને ઐતિહાસિક વાર્તા બહુ પ્રિય છે. તેમને કહેવરાવ્યું કે "ઐતિહાસિક વાર્તા સાંભળવી હોય તો ચાલો." તેઓ જણાવે છે કે "નથી સાંભળવી. ચિઠ્ઠીઓ—જૂની ચિઠ્ઠીઓ વાંચવામાં ભારે મજા આવે છે." ખરેખરો રસ આવ્યો છે. જૂના અનુભવો તાજા કરવાની લિજ્જત આવી છે! બાલમંદિરને અવાજથી અને હાલચાલથી ભરી દીધું છે! મને ચિઠ્ઠી પ્રમાણે નમસ્કાર કરવામાં, પ્રણામ કરવામાં, મારી સામે આવીને બેસી જવામાં, બાળકો આનંદ લેતાં જણાય છે. તેમની આસપાસ બીજાં બાળકો એકઠાં થાય છે ને તેમના આનંદમાં ભળે છે.

તેઓ કહે છે: " અમને બીજાં આડાં આવે છે. " બીજાંઓને હું કહું છું: " તમે પણ વાંચો." બીજી ચિઠ્ઠીઓ ઉપડી છે; બીજી મંડળી વાંચવા માટે હમણાં બહાર ગઇ. લાગે છે કે એનો ચેપ ફેલાશે.

અત્યાર સુધી બાળકના જીવનમાં દોડો કૂદો વગેરે આજ્ઞાઓ બહારથી આવતી હતી; તેનું આજ્ઞાંકિતપણું બહારના કારણે હતું. બહારથી આવતા હુકમો ઉપાડતી વખતે તેના ચહેરા પર અણગમો અને નારાજી હતાં. હવે તે આ જાતની ચિઠ્ઠીઓ વાંચીને પોતે પોતાને જ હુકમ આપીને પોતે જ હુકમોને ઉઠાવે છે; પોતે પોતાને શીખતો હુકમ કરી આજ્ઞા કરનારમાં જોઇતાં ડહાપણ અને વિવેક બતાવે છે. આજ્ઞાને અનુસરતી વખતે તે પ્રસન્ન પ્રસન્ન છે; આજ્ઞાને અનુસરવા માટે તે મહેનત ઉઠાવે છે, જરૂર પડે છે ત્યાં બીજાની મદદ લે છે ને આજ્ઞાનું પાલન કર્યા પછી શાંતિ અને સ્વાશ્રયજન્ય આનંદ અનુભવે છે. પોતાની જાતને હુકમ આપી પોતાને અધીન રહેતાં તેઓ સ્વાધીન રહેવાને માર્ગે અજાણપણે ચાલે છે. અંદરથી પોતાના અંતરાત્માને જાણે કે સાંભળીને બધું કરે છે એવો તેમને અનુભવ થાય છે. એટલે કે તેઓ પોતાના વ્યાપાર પરત્વે બહિર્મુખ થાય છે.

પોતાની અને હુકમ વચ્ચે તેમ જ હુકમની પાછળ કોઇ નં હોવાથી હુકમ માનવા ન માનવાની બાબતમાં એટલે કે ચિઠ્ઠી વાંચવા ન વાંચવાની બાબતમાં પોતાની જાતે જ નિર્ણય કરી સ્વતંત્રતાનો અનુભવ કરે છે. ધીમે ધીમે અંતઃસ્ફુરણાથી થતી જે બધી ક્રિયાઓમાંથી બાળકોમાં ખરેખરી વ્યવસ્થા કે નિયમન આવે છે, તેમાંની આ પણ એક ક્રિયા છે.

બાળકોને શરીરના વિકાસ માટે જે જોઇતું હતું તે મળે છે. રાજીનારેડ થઇ તેઓ ચિઠ્ઠીઓ ઉપર તૂટી પડે છે. ચિઠ્ઠીઓ તેમને ક્રિયાનો આનંદ આપનારા મિત્રો થઇ પડે છે.

આ ચિઠ્ઠીઓ અને આગળ ઉપરની બધી ચિઠ્ઠીઓ બાળકને વધારે ને વધારે ક્રિયાત્મક બનાવે છે. ક્રિયા કરીને બાળક પ્રત્યેક શબ્દ પાછળ રહેલ અર્થ ક્રિયામાં કેમ ઉતરે તેનો સક્રિય અનુભવ લે છે. ત્યારથી હરહમેશ તે પ્રત્યેક ક્રિયાવાચક શબ્દના અર્થ જીવંત ક્રિયામાં ઉતારવા માગશે. ત્યારથી તે જ્યાં જ્યાં ક્રિયાવાચક શબ્દો વાંચશે ત્યાં ત્યાં કાં તો ક્રિયા કરશે અથવા માનસિક ક્રિયાનો અનુભવ લેશે. તે વખતથી બાળક જે જે નાની મોટી ક્રિયાઓ કર્યા કરતાં હશે તેને શબ્દ આપવાનું–ક્રિયા દ્વારા

થતા અનુભવને શબ્દ દ્વારા વ્યક્ત કરવાનું શીખશે. સ્થૂળ ક્રિયાઓ પરત્વે આમ કરવાની વૃત્તિ કેળવાયા પછી હરકોઇ સૂક્ષ્મ કે મનઃસ્થ બાબતમાં તે આમ જ કરશે. બોલતા પહેલાં તે જોશે કે "ફલાણી ક્રિયા કરૂં છું તેને માટે આ શબ્દ બરાબર છે? અમુક શબ્દ બોલાય છે તેમાં આ ક્રિયા બરાબર છે?" આ વ્યાપારમાં બાળકનું શબ્દસામર્થ્ય અને શબ્દતોલન કેળવાશે.

ક્રિયાચિઠ્ઠીના વાચન દ્વારા બાળકોના અનુભવમાં એક બીજી વાત પણ સ્ફુરશે. આ વાત ક્રિયાપદના 'પદ' પરિચયની છે. અહીં એનો પરિચય માત્ર છે, 'સંજ્ઞા' તો હજી હવે શીખવાની છે. પણ ક્રિયાવાચક શબ્દનું બળ કેટલું છે તેનો અનુભવ બસ છે. એક જ શબ્દ સ્વતઃ સંપૂર્ણ વાક્ય કેમ છે તે પણ બાળકને સમજાઇ જાય છે. ચિઠ્ઠીઓમાં રહેલ વ્યાકરણનો પરિચય બાળકને આડકતરી રીતે થયા જ કરે છે.

: ૮ :

અત્યાર સુધી એકપદી ચિઠ્ઠીઓની વાત થઇ. બાળક જેમ જેમ આગળ વધતું જાય તેમ તેમ વધારે પદવાળી ચિઠ્ઠીઓ આપતા જવાની છે. આ

ચિઠ્ઠીઓ વ્યાકરણની દૃષ્ટિએ ભાષાવિકાસને અનુસરીને આપવાની નથી પણ ભાષાસમજણમાં વધતી જતી બાળકની સમજણને અને રુચિને લક્ષમાં રાખીને આપવાની છે. એમાં વ્યાકરણની અશુદ્ધિ તો ન જ હોય.

આ સ્થળે એક બાબતનો ઉલ્લેખ આવશ્યક છે. આ લખાણ બાલમંદિરમાં કરેલા ચિઠ્ઠીપ્રયોગોને આધારે છે. બાળકોની ભાષાવિકાસની ભૂખને અનુસરીને જે ચિઠ્ઠીઓ તેમને આપી ને જે તેમણે પાછી વાળ્યા વિના વાંચી, જેનો તેઓ અમલ કરી શક્યાં ને જેમાં તેમણે ખરો આનંદ લીધો, તેના ઉપરથી આ વિચારો મૂક્યા છે. ટૂંકમાં નજરોનજર જે જોયું છે ને જાતે અનુભવ્યું છે તેનો આ સાર છે. જે લખ્યું છે તે બની શક્યું છે અને બની શકે તેવું છે.

એકપદી ચિઠ્ઠીઓ પછી બેપદી ચિઠ્ઠીઓ આવે છે: જેવી કે ધીમે ચાલો, મોઢું ધુઓ, ધીમે બોલો, વાળ ઓળો, દાતણ લાવો, સૂરજબેનને બોલાવો, બારી ખોલો, ઉઠબેસ કરો, ગલોટિયું મારો, કૂદકા મારો, શેડા કાઢો, ત્રિકોણ ચીતરો, નમસ્કાર કરો, ફૂગ્ગા બનાવો, કાચમાં જુઓ, તાળી

પાડો વગેરે. વ્યાકરણની દૃષ્ટિએ આ ચિઠ્ઠીઓ સ્વાભાવિક ક્રમમાં છે.

આ ચિઠ્ઠીઓ ઉપરથી જોઈ શકાશે કે આમાં-ની એક પ્રકારની ચિઠ્ઠીઓ બાળકને હાથ ધોવાનું, મોઢું ધોવાનું, કાચમાં જોવાનું, વાળ ઓળવાનું વગેરે કરવાનું કહી તેને શરીરની ટાપટીપ તરફ જોતું ને તેનો શોખ લગાડતું કરે છે. બીજા પ્રકારની ચિઠ્ઠીઓ તેને કૂદકા મારવાનું, કૂબા બનાવવાનું, અને ગલોટિયાં મારવાનું કહી રમવાની મજા આપે છે. કોઇ ચિઠ્ઠીઓ તેને નાની નાની આજ્ઞા પાળવાનો આનંદ આપે છે, તો વળી કોઇ ચિઠ્ઠીઓ બાળક પાસે ત્રિકોણ, ચોરસ વગેરે મગાવી બાળકના જ્ઞાનનું માપ લે છે. વળી કોઇ ચિઠ્ઠીઓ નમસ્કાર કરો, ધીમે ચાલો, ધીમે બોલો એવી આજ્ઞાઓ કરી બાળકને સામાજિક શિષ્ટાચારની સંસ્કારિતાનો દેહ આપે છે. ઉપદેશ કે દબાણ વિના બાળકને વિનય અને વિવેકમાં પલોટે છેઃ તેને આચરવાની ઢબ શીખવે છે. આ બધું તેને ગમતું હોવાથી બાળક ઉપર તેની ઉંડી છાપ પડે છે.

બાળક ' નમસ્કાર કરો ' ની ચિઠ્ઠી વાંચે છેઃ મુરબ્બી પાસે જરાક મલકાતું, જરાક શરમાતું આવીને હળવેથી નમસ્કાર કરીને પાછું જાય છે ને

સાથે મુરબ્બીની પ્રેમભીની દૃષ્ટિ લેતું જાય છે. આવા મનોરંજક અને આત્માને તૃપ્તિ આપે એવા અનુભવો કરવાનું બાળકને ચિઠ્ઠી દ્વારા મળે છે.

બચીં આપો, પાણી આપો, તાળી આપો, ખોળામાં બેસો, વગેરે ચિઠ્ઠીઓ બહુ પ્રિય છે. જેને તેને નમસ્કાર કરવાની અને પાણી પાવાની ચિઠ્ઠી બાલપ્રિય અને બાલપ્રસિદ્ધ છે. બાળક કળશો અને પ્યાલો લઇ પાણી પાઇ એક મોટું મહાભારત કામ કર્યાનો આનંદ લે છે. હસતું હસતું આવી પાણીનો પ્યાલો ધરી પાણી પીવું ન હોય તો પણ પાણી પીવાનું મન કરાવે છે, ને પાણી પાઇને મન હરી લે છે.

: ૯ :

આવી ખાસ બાલપ્રિય ચિઠ્ઠીઓની યાદી આપી શકાય. જેમ કે પચાસ કૂદકા મારો; આખા બાલમંદિરનાં બારીબારણાં ગણો; તમારે ગાલે તમાચો મારો; ફેરકુદડી ફરો; ગલોટિયાં મારો; રેતીમાં રમો; ધ્યાન કરો; પ્રાર્થના કરો વગેરે.

બેપદી ચિઠ્ઠીઓની ખાડી વટાવી ચિઠ્ઠીવાચનનું કામ મધદરિયે ઝુકાવે છે. નાના શબ્દોની ચિઠ્ઠીઓથી માંડીને મોટાં મોટાં વાક્યોની ચિઠ્ઠી-

ઓને અંતે રમતચિઠ્ઠીઓ ને વાર્તાચિઠ્ઠીઓનાં નવાં નવાં સમુદ્રજળોમાં બાળકને નવરાવે છે.

ઉપર જણાવેલી જાતજાતની ચિઠ્ઠીઓના નમૂના આપવા જરૂરના લાગે છે.

ત્રણ શબ્દો: ૧ પીંપરને અડી આવો; ૨ પાટિયું ધોઇ લાવો; ૩ સંગીતના ઓરડામાં જાઓ.

ચાર શબ્દો: ૧ સાત વારનાં નામ લખો; ૨ ખુરશી ઉપર ઉભા થાઓ; ૩ બે પતંગિયાં પકડી લાવો.

પાંચ શબ્દો: ૧ આંખો મીંચી ગણિતની ચિઠ્ઠીઓ ગોઠવો; ૨ લીલી પેન્સિલ વિદ્યાબેનના હાથમાં આપો.

છ શબ્દો: ૧ આ પાંદડાં વડે આખા બાલમંદિરને શણગારો; ૨ સૂરજબેનને ચિઠ્ઠી વાંચવામાં જઇને મદદ કરો; ૩ તમારી સઘળી બેનોનાં નામ લખી આપશો ?

સાત શબ્દો: ૧ ચોપડીનાં સાત પાનાં વાંચી લાવવાની કૃપા કરો; ૨ એક સરસ ગીતની બે લીંટી લખી લાવો; ૩ ધૂપ સળગાવો અને તેની સુગંધ મનુભાઇને સુંઘાડો; ૪ થોડીએક કોડી લઇને તેનું એક ફૂલ ગોઠવો.

આઠ શબ્દો: ૧ નર્મદાબેનને કહો કે તમે અમારા ઓરડામાં ક્યારે આવશો ? ૨ અવાજ કર્યા વિના દોડીને મનુભાઇના વર્ગ સુધી જાઓ; ૩ આજે જેટલાં ચિત્ર કાઢ્યાં હોય તેટલાં મને બતાવો.

નવ શબ્દો: ૧ એક વીર પુરુષની જેમ ગિજુભાઇને કહો કે લડવા ચાલો; ૨ તમે અને કુલીનચંદ્ર સામસામા બેસી મોટીબહેનમાંથી બે પાઠ વાંચો; ૩ ચિનુભાઇ હાલ ક્યાં છે અને તેમની તબિયત કેમ છે ? ૪ હવે થાકી ગયાં હશો માટે ગાતાં ગાતાં ચિત્ર કાઢો.

દસ શબ્દો: ૧ એક વાટકી લઇ વાદળી અને પીળો રંગ લાકડી ઘસી બનાવો; ૨ તમે આજે જમ્યાં તે બધી વસ્તુઓનાં નામો સુંદર અક્ષરે લખો; ૩ બહાર જઇ ખૂબ દોડો ને પછી આરામ લઇ પાછા આવો.

અગિયાર શબ્દો: ૧ મનુભાઇના ઓરડામાં જઈ તેમની રજા લઇ એક રાતી તખતી લઇ આવો; ૨ તમને જેટલાં ગામોનાં નામો આવડતાં હોય તેટલાં ગામોનાં નામો લખી લાવો.

બાર શબ્દો: ૧ તમારા ગાલ બતાવો, પછી

કાન ઝાલી તમારા ગાલ પર બે તમાચા લગાવો; ૨ તખ્તેશ્વર પર જઈ બસો કાંકરા મૂકી દ્યો; વળતાં બસો કાંકરા વીણતાં આવો.

તેર શબ્દો: ૧ આજે આપણા બાલમંદિરમાં જેટલાં બાળકો આવ્યાં હોય તેટલાંનાં નામ શબ્દો લખવાની કાપલીમાં લખો; ૨ આજે જમવાની વખતે શણગાર કરવાનો છે, તો તમને ગમે તેટલાં ચાંદડાં લઇ આવો.

ચૌદ શબ્દો: ૧ મનુભાઇના ઓરડામાં જઇ ત્યાં કેટલાં છોકરાં છે તે ગણી દરેકને બબ્બે કોડીઓ આપી આવો; ૨ રામભાઇને પીઠ ઉપર બેસારી કેટલાં પગલાં ભરી શકો છો તે ગણીને મને કહી જાઓ; ૩ જોવા માટે ચિત્રો મૂકયાં છે તે ઘોડા ઉપરથી તમને સૌથી વધારે ગમતું ચિત્ર લાવો.

આગળ વધીને સોળ કે તેથી વધારે શબ્દોનાં વાકયો આવે છે.

એક વાકય બસ છે. "બાલમંદિરની એક પ્રદક્ષિણા કરો. આગળના ગમે તે બારણામાંથી બહાર જઇ, પગથિયા પરથી નીચે જઇ વણાટના ભંડકની બાજુથી જાઓ. ત્યાંથી પાછળના બારણાં

પાસેથી ચાલીને જમવાના ભંડક પાસે આવો, અને ત્યાંથી ઉપર આવી જાઓ. એનું નામ પ્રદક્ષિણા કહેવાય."

: ૧૭ :

આ બધી ચિઠ્ઠીઓ એક જાતની થઇ. આ ચિઠ્ઠીઓ આજ્ઞાર્થમાં છે. બાળકને માત્ર ભાષાના આજ્ઞાર્થનો જ પરિચય આપવો નથી. તે ભાષાના વિશાળ અને વિધવિધ પ્રદેશો ઉપર જાય તેવી બીજી જાતની ચિઠ્ઠીઓ પણ જોઇએ. બીજી જાતની ચિઠ્ઠીઓને હું રમત ચિઠ્ઠીઓ કહીશ. આમાં દસ પંદર ચિઠ્ઠીઓ મળીને એક મોટી ચિઠ્ઠી થાય છે; એટલે કે દસ પંદર ચિઠ્ઠીઓ વાંચે ત્યારે બાળક એક રમત રમી શકે છે. આ કાંઇ દેશી રમતની ચિઠ્ઠીઓ નથી. એનું નામ રમતની ચિઠ્ઠીઓ છે એટલું જ; બાકી એમાં આવે તો ક્રિયાઓ અને ગમ્મત વગેરે. આવી એક રમતચિઠ્ઠી અહીં આપીશ.

## વારતા સાંભળવાની રમત

આ પાંચમી રમત છે. એનું નામ ઉપર આપ્યું તે છે. હવે અંદરનાં વાક્યો નીચે પ્રમાણે છેઃ ૧ વાર્તા સાંભળવી હોય તો આ રમત રમવી; ૨ જેની વાર્તા સાંભળવી હોય તેની ઉપર ચિઠ્ઠી

લખવી કે અમને વાર્તા કહેશો? ૩ ચિઠ્ઠ લઇને વાર્તા કહેનારની પાસે જવું ને તેને નમસ્કાર કરવા; ૪ પછી તેના હાથમાં ચિઠ્ઠી આપી શાંતિથી ઉભા રહેવું; ૫ જો વાર્તા કહેનાર હા પાડે તો સંગીતના પટ્ટા ઉપર જવું; ૬ વાર્તા કહેનારને માટે આસન પાથરવું; ૭ વાર્તા ચાલુ કરવાનું કહેવું ને લાંબી વાર્તા કહેવરાવવી; ૮ વાર્તા પૂરી થાય એટલે વાર્તા કહેનારને નમસ્કાર કરવા; ૯ આસન મૂકી દેવું; ૧૦ રમત ખલાસ.

બાળકોએ આ ચિઠ્ઠી વાંચી તેમાંની બીજા નંબરની ચિઠ્ઠી પ્રમાણે જે ચિઠ્ઠી લખી હતી તેની નકલ નીચે પ્રમાણે આપું છું.

" वंदेमातरम्

પ્રિય ભાઇ રામભાઇ.

વિનંતી સાથ લખવાનું કે અમને વાર્તા કહી સંભળાવશો? એ જ. લી. રા. હ. વ.

ના પ્રણામ. "

આ રમતચિઠ્ઠી બાળકને કેમ ગમે છે ને તેની શક્તિ કેમ ખીલે છે તે વિષે વધારે કહેવાની જરૂર નથી.

: ૧૧ :

ચિઠ્ઠીવાચનમાં વળી એક બીજો પ્રકાર છે. આ પ્રકાર વાર્તાચિઠ્ઠીનો છે. પહેલાં એક બે વાર્તાચિઠ્ઠીઓ વાંચીએ.

૧ એક છોકરો હતો. એક છોડી હતી. છોકરો ચણીબોર લાવ્યો. છોડી ચાલણગાડી લાવી. બંને જણ વાંચવા બેઠાં. થોડી વાર વાંચી તેઓ નર્મદાબેન પાસે ગયાં.

૨ એક છોડી હતી. તે સંગીતના ઓરડામાંથી બહાર ગઇ. બહાર જઇ તેણે સૂરજને નમસ્કાર કર્યા. પછી તેને ચિત્ર કાઢવાનો વિચાર થયો. પોતાની ઓરડીમાંથી ટેબલ અને ચિત્રનાં સાધન લઇ આવી. પછી આસન પાથર્યું. પછી હાથ ધોયા. પછી નોટમાં એક સુંદર ચિત્ર કાઢયું. પછી ચિત્ર ગિજુભાઇને બતાવી હસીને પોતાના ટેબલ પાસે ગઇ ને નિરાંતે બેઠી.

અત્યાર સુધીની ચિઠ્ઠીઓમાં ક્રિયાની પરંપરાથી ઉભી થતી ઘટના (વાર્તા) ન હતી. રમતચિઠ્ઠીઓ પણ આ જાતની ચિઠ્ઠીઓથી જુદી જ છે. આ ચિઠ્ઠી બાળકને રીતસરના સાહિત્યવાચનને સીધે માર્ગે લે છે. એક આખી ઘટના માટે

વાક્યોનો સમૂહ કેમ વપરાય છે તેની ખબર બાળકને પડે છે. અહીંથી વાચનના પ્રદેશના બધા ભેદો બાળક પાસે આવે છે. એમ કહીએ કે હવેથી બાળક પોથી કે પુસ્તક વાંચવા લાગ્યું છે તો તે બરાબર છે.

વાર્તાચિઠ્ઠીનું દરેક વાક્ય જુદી જુદી કાપલીઓ ઉપર લખેલું હોય છે. આ કાપલીઓને થોકડીના આકારે છેડે કાણું પાડી બાંધેલી હોય છે. એને એક પ્રકારનું નાનકડું પુસ્તક પણ કહેવાય. બાળક થોકડી ઉપાડે છે. પહેલું વાક્ય વાંચે છે: "એક છોડી હતી." અહીં આજ્ઞાર્થ નથી. કંઇ કરવાનું પણ નથી. કંઇક વિચારવાનું, ભાવમાં જવાનું છે. વાંચનારે અત્યારે વાર્તાની છોડી પોતે જ છે એવી કલ્પનામાં ઉતારવાનું છે. તેમ જ તે કલ્પનામાં ઉતરે છે ને 'ચિઠ્ઠીની છોડી' બને છે. પછી બીજું વાક્ય વાંચે છે: "તે સંગીતના ઓરડામાંથી બહાર ગઈ." વાંચનાર છોડી સંગીતના ઓરડામાંથી બહાર જાય છે. પછી ત્રીજું વાક્ય વાંચી સૂર્યને નમસ્કાર કરે છે. પાછી વિચારમાં ઉતરવાના ચિઠ્ઠી આવી. વાર્તાની "છોડીને ચિત્ર કાઢવાનો વિચાર થયો." વાંચનાર છોડી એ વિચાર પોતાનો કરે છે. પછી ચિત્ર

કાઢે છે, ગિજુભાઈને બતાવે છે અને આખરે નિરાંતે બેસે છે. આવા ચિઠ્ઠીવાચનથી થતી માનસિક ક્રિયા જુદી જ જાતની છે. અહીં માત્ર સૂક્ષ્મ ક્રિયા કરવાની નથી. અહીં ભાવમાં ઉતરવાનું છે. નિરાંત વગેરેના ભાવો વ્યક્ત કરવાનું છે.

જેણે આવી ચિઠ્ઠી વાંચતું બાળક જોયું છે તેણે આ ચિઠ્ઠીનું મહત્ત્વ પિછાન્યું છે. બાળકના મોઢા ઉપર વિચારની શાંતિ છે; ક્રિયાની પ્રસન્નતા છે; વધારે ઉંડા માનસિક અંતરમાં તે ઉતર્યું છે, તેથી આસપાસની પરિસ્થિતિથી અબાધિત છે. આમ શાંતિમાં વિકાસનું કામ કેમ ચાલે છે તે દૃશ્ય પણ અહીં દેખાય છે.

આ સ્થળે બાળકની નટવૃત્તિને પોષણ મળે છે, કલ્પનાશક્તિ તીવ્ર બને છે અને વાસ્તવિકતાના તંદુરસ્ત સાહિત્યોનો અનુભવ થાય છે. ચિઠ્ઠીવાચનમાં વાર્તાચિઠ્ઠીઓ બહુ ઉપયોગી વસ્તુઓ છે એમ માલૂમ પડ્યું છે.

ઉપર આપેલી ચિઠ્ઠીઓ નમૂનાઓ માત્ર છે. મંદિરમાં જાતજાતની ચિઠ્ઠીઓનો મોટો થોકડો પડેલો છે. બધી ચિઠ્ઠીઓ ઉપરથી વાંચનારાં બાળકોને શું પ્રિય અપ્રિય છે, તેમનો અનુભવવિસ્તાર કેટલો છે, કેવી દુનિયામાં તેઓ રસ લે છે, તેમની

સમજણશક્તિ વગેરે કેટલાં છે તે જાણી શકાશે. આ બધી ચિઠ્ઠીઓ ઉપરથી પ્રત્યેક બાળકના માનસ વિષે ઘણું લખી શકાય, પણ તેને સ્થળાભાવે છોડી દઇએ.

આ પ્રમાણે ચિઠ્ઠી વાંચતાં વાંચતાં બાળક પુસ્તકવાચનના પ્રદેશમાં જાય છે. ત્યાં તે કેવી રીતે પુસ્તકનો ઉપયોગ કરે છે, વગેરે પુસ્તકાલયના ઉપયોગ સંબંધે પણ અહીં લખવાનું છોડી દઉં છું.

: ૧૨ :

કોઇ પણ શક્તિનો વિકાસ વારંવારની ક્રિયાથી ખીલે છે ને રૂઢ થાય છે. વાચનના શિક્ષણને પણ આ સિદ્ધાંત લાગુ પડે છે. આટલા માટે તો વાચનમાળાના પાઠો વારંવાર વંચાવવામાં આવે છે. પણ તેમાં જે ભૂલ છે તે અહીં ન વિચારતાં ચિઠ્ઠીવાચનમાં પુનરાવર્તન કેવી રીતે ચાલે છે તે જોઇએ.

બાળક એક ચિઠ્ઠી એક વાર વાંચી, તે પ્રમાણે ક્રિયા કરી, કાયમને માટે તે કોરે મૂકી દે છે એમ નથી. ચિઠ્ઠી વાચનશક્તિનો વિકાસ આપનારી છે. તેથી તેમાંથી જેટલી શક્તિ મળે તેટલી બાળકે મેળવી નથી ત્યાં સુધી બાળકને

વાંચવા યોગ્ય જ રહ્યા કરે છે. ચિઠ્ઠીઓ ક્રમિક છે; પણ એક જ શ્રેણી ઉપર બાળક ઘણો વખત રોકાય છે. એ શ્રેણીમાં રહી ત્યાં વારંવાર પુનરાવર્તન કરી ઉપર ચડવાની શક્તિ મેળવ્યા પછી જ તે આગળ જાય છે. આથી બે પહોની ચિઠ્ઠીઓ બાળક રોજ રોજ લે છે, - વાંચે છે, તે પ્રમાણે ક્રિયા કરે છે ને પાછી મૂકે છે. બીજે દિવસે પાછું એ જ કામ. આમ કરતાં 'ઉભા થાઓ' ની ચિઠ્ઠી તેને રમતવાત લાગે છે ત્યારે આગળની ચિઠ્ઠીની થોકડી ઉપાડે છે. આ સ્વાભાવિક છે. બાળકને એક પછી એક ચડતા ક્રમની ચિઠ્ઠી ઝટ ઝટ વંચાવી તેને આગળ ઉપાડવામાં આવતું નથી. જો કે આજની શિક્ષણપ્રથામાં એમ જ ચાલે છે, કારણ કે રોજ ને રોજ એક પાઠ આગળ જ ચાલે છે. પરંતુ પુષ્કળ વખત, સ્વતંત્રતા, અંતરની માગણી અને વારંવારની ક્રિયા કરવાની અનુકૂળતા બાળકને મળે તો જ તે નક્કી કરી શકે છે કે હવે મારે આગળ પગલું ક્યારે લેવું. બેશક બાળકને પોતાની સામે આગળનું પગલું તો જોઇએ જ, નહિતર બાળક સડે.

બાળક એકની એક જ શ્રેણીની ચિઠ્ઠીઓ ઘણો લાંબો વખત વાંચ્યા કરે છે તે નજરે

જોવામાં આવે છે. ઉપરાંત તેઓ ચિઠ્ઠીઓ વાંચી તેની પાછળ પોતાનાં નામો મૂકે છે તે ઉપરથી પણ જાણી શકાય છે.

બાળકોમાં પણ રુચિભેદે કેટલાંએક બાળકો એકની એક જ જાતની ચિઠ્ઠીઓ વારંવાર વાંચે છે. તે જ શ્રેણીની બીજી ચિઠ્ઠીઓ હાથ પણ ધરતાં નથી. એકનો એક જ અનુભવ વારંવાર લઇ એકાએક છલંગ મારી એક કૂદકે હનુમાન જેમ વચલી શ્રેણીઓનો દરિયો વટાવી જઇ વાચનના વિશાળ પ્રદેશ પર ચાલવા માંડે છે. બીજાં કેટલાંક બાળકો ક્રમે ક્રમે ચડે છે. છતાં ચાલતી શ્રેણીનો આખો પ્રદેશ ફરી વળ્યા પછી આગળ વધે છે. કેટલાંક ઉતાવળિયાં બાળકો મોટા કૂદકા મારી પગ ભાંગે છે, પાછાં પડે છે ને વધારે વખત અને શક્તિ ગાળે છે. આ બધી ભિન્નતા પાછળ શું શું હોઇ શકે તે તપાસવાનો અહીં વખત નથી.

: ૧૩ :

હવે આપણે ચિઠ્ઠીના જુદા જુદા વિષયો ઉપર નજર નાખીએ.

અત્યાર સુધીની આ ચિઠ્ઠીઓમાંથી નીચેના પ્રદેશો હાથ લાગ્યા છે.

૧ ભાષા:–વાચન, લેખન, શબ્દાર્થ, વ્યાકરણ, વરતો, વાર્તા.

૨ ગણિત:–શુદ્ધ ગણિત ને ગમ્મત, વ્યવહારોપયોગી ગણિત.

૩ કલા:–ચિત્ર, સંગીત, કવિતાગાન, નાચ, નાટક, શણગાર.

૪ ધર્મ:–પ્રાર્થના.

૫ શિષ્ટાચાર:–નમસ્કાર વગેરે.

૬ કસરત:–લડાઇ, કૂદકા.

૭ વ્યવહાર:–ઘરની રમતો, ભોજન.

૮ ઇંદ્રિયશિક્ષણ:–પ્રબોધક સાહિત્યો.

૯ રમતો:-ગેલ.

૧૦ સૃષ્ટિપરિચય:–કુદરત, પશુ, પ્રાણી તથા વનસ્પતિ.

૧૧ બુદ્ધિની કસરતો.

ઉપર લખ્યા પ્રદેશો ઉપરની એક બે ચિઠ્ઠીઓના નમૂના અહીં આપવાથી તેનો સારો ખ્યાલ આવશે.

## ભાષા

વાચનઃ—મોટીબહેનના ગમે તે બે પાઠો વાંચો.

લેખનઃ—હરિભાઇને એક વરત નાખો તે ને તેમણે કેવી રીતે છોડચું તે વાર્તાની કાપલીમાં ભાતભાતની પેન્સિલથી લખી લાવો.

શબ્દાર્થઃ—કુસુમનો અર્થ શો ? પર્વતનો અર્થ શો ? ચંદ્રનો અર્થ શો ?

નીચેના શબ્દોના અર્થ લખોઃ—તાક, ગોડ, સુંદર, અત્યંત, અપાર, મલિન, સ્વચ્છ, શાંત.

વ્યાકરણઃ—નીચેના શબ્દોની નારીજાતિ લખોઃ—બાપા, મોચી, સુતાર, મામા, ભાઇ, કોળી, દરજી.

વરતોઃ—' વનવગડામાં લોહીનું ટીપું.' એ શું ?

વાર્તાઃ—તમારા હાથ ધોઇ નાખો પછી વાર્તા કહો.

ભાષાપ્રદેશની આ જુદી જુદી ચિઠ્ઠીઓ ઉપરથી જોઈ શકાશે કે બાળકના જ્ઞાનના પ્રદેશો કેટકેટલા ઉઘડે છે.

શબ્દોના અર્થ ઉપર જવામાં ચિઠ્ઠીવાચન કેવું કામ કરે છે, વ્યાકરણમાં સાદી વાતો કેમ

મૂકાય છે, વરતો જેવાં બુદ્ધિને ઘસીને ચળકતી કરનારાં સાધનોને કેમ વાપરવાં, મુખનિબંધ (વાર્તા) કેમ ચલાવાય તે તે વાતો ચિઠ્ઠીઓમાંથી જોઇ શકાય છે.

## ગણિત

શુદ્ધ ગણિતઃ—પચાસ કાંકરા લાવો ને દસ દસની કેટલી હાર થાય છે તે કહો. સરવાળાની ચાર કાપલી ભરી લાવો.

ગણિત—ગમ્મતઃવીશ વાર કૂદકા મારો; વીશ વાર કાન પકડો; વીશ વાર હાથ ઉંચો કરો; વીશ વાર નાક પકડો; વીશ વાર તાળી પાડો.

વ્યવહારૂ ગણિતઃ—એક માણસ પાસે બે કોથળી હતી. એકમાં સાત રૂપિયા હતા, બીજીમાં પાંચ હતા. બધા મળી કેટલા રૂપિયા થાય?

## કલા

ચિત્રઃ—ખીલતા ગુલાબનું સરસ ચિત્ર કાઢો. તેમાં રાતી પેન્સિલથી રંગ પૂરો. પછી ગિજુભાઇને બતાવો.

સંગીતઃ—ચણીબોરમાંથી પાંચ ગીતો સારા રાગે ગાઓ.

શણગારઃ—શણગાર માટે ઝાડપાન જલદી લઈ આવો.

નાચઃ—સંગીતના ઓરડામાં જાઓ ને ખૂબ નાચો.

નાટકઃ—નાટકમાં તમને કયો પાઠ લેવો ગમે છે તે લખો.

કલાની જુદી જુદી બાજુઓને ચિઠ્ઠી દ્વારા કેમ સ્પર્શી શકાય, તે દ્વારા બાળકને કેમ ઓળખી શકાય વગેરે આવી ચિઠ્ઠીઓ દ્વારા જાણી શકાય છે.

## ધર્મ

શાંતિથી એક આસન પર અત્યંત સ્વસ્થ બેસો ને પ્રભુના નામનો થોડી વાર જાપ જપો.

પ્રાર્થના કરો.

કદાચ કોઈને લાગે કે આવી ચિઠ્ઠીઓ પ્રાર્થના અને પ્રભુભજનનું ફારસ છે. કોઈને એમ લાગે કે આ કામ સરસ છે; આવી જ ચિઠ્ઠીઓ વધારે આપવી જોઈએ. આ બીજા મતો વિષે કશું કહેવા કરતાં આવી ચિઠ્ઠીઓ વાંચતી વખતે શું બને છે તેનો ચિતાર આપીશ.

'ધ્યાન ધરો' એવી ચિઠ્ઠી વાંચી બાળક ધ્યાન કેમ ધરવું તેનો વિધિ અહીં વારંવાર ધ્યાન ધર-

વાનું ચાલે છે તે ઉપરથી જાણે છે. બાળક સ્વસ્થ બેસે છે. માથું, હાથ, પગ વગેરે સ્થિર કરે છે. પછી આંખો પણ બંધ કરે છે. આસપાસ ગમે તે પ્રવૃત્તિ ચાલતી હોય છે છતાં એકાગ્રતા અને ગંભીરતાથી શાંત બેસે છે. ઘણી વાર વિક્ષેપ આવે છે તો તે દૂર કરી પાછું ધ્યાનમાં બેસે છે. આ એક વાત.

'પ્રાર્થના કરો' એ ચિઠ્ઠી આવી. બાળક પ્રાર્થના જાણે છે; તે કરવાની રીત જાણે છે. પણ ચિઠ્ઠી પ્રમાણે એ તો કરે છે; ઉપરાંત તેમાં પોતાનો ભાવ મૂકે છે. એકાદ દેશભક્ત કે પૌરાણિક દેવની છબી પાસે જાય છે, તેની સામે હાથ જોડી ઉભું રહે છે, મન સ્થિર કરતું દેખાય છે; મનમાં દેવ સામે ઉભા રહેવાનો ભાવ આણે છે; પછી જાણે મોટો ભક્ત પ્રાર્થના કરતો હોય તેવા પ્રેમ અને ઉમંગથી પ્રાર્થના કરે છે. એક જાતની શાંત મીઠી આનંદસમાધિનો અનુભવ લે છે. તેને કોઇ ગરબડ કરવા આવે તે ગમતું નથી.

બાળકોને પ્રાર્થના કરવાનું શા માટે ગમે છે તેનો ઉત્તર એક રીતે આપી શકાય. બાળકોને ગણિત ગમે છે કારણ કે તેમની બુદ્ધિ વિકાસ માગે છે. બાળકોને ચિત્ર ગમે છે કારણ કે તેમની

ચિત્રવૃત્તિ આગળ વધે છે. બાળક કામકાજ કરે છે કારણ કે તેમની ક્રિયાશક્તિ બળવાન થવા માગે છે. બાળક પ્રાર્થના કરવા માગે છે કારણ કે તેની એક પ્રકારની લાગણી વિકાસ માગે છે. આને આપણે ધાર્મિક લાગણીને નામે ઓળખીએ છીએ.

બાળક વાંચે છે: "મંદિર કરો." બાળક સુંદર મંદિર રચે છે. અંદર દેવ કલ્પે છે અથવા એકાદ ગાંધીજી, ટાગોર કે ટીળકની છબી મૂકે છે કે ગાયનું રમકડું રાખે છે. ધૂપ કરે છે, ફૂલો ચડાવે છે, રોજના ખાવાના ચેવડાનું નૈવેદ્ય ધરાવે છે. પછી પોતે ત્યાં પ્રાર્થના કરે છે. બીજાને બોલાવી પ્રાર્થનામાં બેસારે છે.

બાળક કલાત્મક ગોઠવણનો આનંદ લે છે, તેમ જ ધાર્મિક એટલે ઇશ્વરને લગતી બાબતમાં મનમાં રહેલી વૃત્તિને તૃપ્તિ આપે છે.

બાળક અહીં ઉપદેશ કે ધર્મનીતિનાં પુસ્તકોની મારફત (એજન્સી) વિના સીધો મહાન તત્ત્વોની સાથે પોતાનો સંબંધ જોડે છે. તેને ખબર પણ નથી કે જેને ધર્મ કહેવાય છે તેનું તે અહીં આચરણ કરે છે. પણ એમ તો તેને

ક્યાં ખબર છે કે ચિઠ્ઠી વાંચતાં કે લખતાં કે ચિત્ર કાઢતાં તે બૌદ્ધિક અને કલા વિષયક સર્જનો કરે છે?

## શિષ્ટાચાર

બાલમંદિરમાં જેટલાં મોટાં માણસો છે તેટલાંને નમસ્કાર કરી આવો.

## કસરત

ઘોડી ઉપર ખૂબ કસરત કરી આવો. લડવામાં લાકડી ફેરવવાની નવી પદ્ધતિ શોધી કાઢો.

વિનોદપ્રિયાની ટેકરી ઉપર જઇ સો કૂદકા મારો.

## વ્યવહાર

તમારા મિત્રનું, તેના પિતાશ્રીનું, તેની માતુશ્રીનું અને તેના બંધુનાં નામ લખો.

ત્રણે જણાં નીચે ભંડકમાં જઇને પચીસ પ્યાલા પીરસી શણગાર કરી જલદી આવો.

## ઇંદ્રિયશિક્ષણ

મનુભાઇના ઓરડામાં જઇને આંખે પાટા બાંધીને ત્રણે દટ્ટાની પેટીઓથી રમો.

## રમતો

આંધળાપોટાની રમત રમો.

ગોવિંદભાઇની ટોપી પહેરો.

તારાબેનનાં ચશ્માં પહેરો અને ગિજુભાઇને રોફથી પગે લાગો.

## સૃષ્ટિપરિચય

ગાયને કેટલા આંચળ હોય છે અને તેમાંથી શું નીકળે છે તે લખી લાવો.

આજે શીશામાં નવું પતંગિયું નીકળ્યું છે તે લઇ આવો ને મને દેખાડો.

એક પક્ષી એવું છે કે જેને પઢતાં આવડે છે; એની ચાંચનો રંગ રાતો છે; એને બધા કારભારી કહે છે; એ કોણ હશે ?

ગોવિંદભાઇ પાસેથી એક આંકેલો કાગળ લઇ તેમાં દસ ફૂલોનાં નામ લખો.

## બુદ્ધિની કસરતો

કા ચ મો ક લી ર ગ ડો એટલા અક્ષરોમાંથી ત્રણ પક્ષીઓનાં નામ શોધી કાઢો. પછી તેને તમારી કાપલીમાં લખી લાવો.

નીચેના શબ્દોમાં વચલો અક્ષર પૂરી લાવોઃ-

પો (પ) ટ. કુ (સુ) મ. મૂ (ળ) જી.
સુ (શી) લા. સૂ (ર) જ. બ (ગ) લું.
આ (બા) દ.

ખોળી ખોળીને ખાઓ:—

સુશીલા કુમસ ગયાં છે.

ગાયનું દૂધ પાક બનાવવામાં વપરાય છે.

આ જાતજાતના પ્રદેશો ઉપર વિવેચન કરવાની જરૂર નથી. વાંચનાર તેનો મર્મ, ઉપયોગિતા વગેરે સમજી લેશે. આવા અનેક પ્રદેશો ચિઠ્ઠીઓ દ્વારા ઉઘાડી શકાય, કારણ બાળદુનિયા પણ આપણી દુનિયા જેટલી જ વિશાળ છે.

: ૧૪ :

હવે ચિઠ્ઠીવાચનની બીજી બાજુ જોઇએ. આ બાજુ તે શિક્ષકની.

જેમ આકારો અને રંગનો પરિચય થતાં બાળકો લીંટા કાઢવા ઉપર ઉતરી પડે છે, જેમ ઇંદ્રિયોનો પરિપૂર્ણ વિકાસ થતાં તેઓ અક્ષરો શીખવા મંડી પડે છે, તેમજ અક્ષરો અને ચલ-મૂળાક્ષરોમાંથી પસાર થયેલાં બાળકો એકાએક

ચિઠ્ઠીવાચનના પ્રદેશમાં આવી પડે છે. ભૂખ્યા વરૂઓ જેમ જ્યારે તેઓ ચિઠ્ઠીઓ વાંચવા મંડી પડશે ત્યારે તેમનો દેખાવ જોવા જેવો થશે. વસંત ઋતુ આવે ને ઝાડ ઉપર કૂંપળો ફૂટી નીકળે, વરસાદ પછીના દિવસોમાં જેમ ચારેકોર પતંગિયાં ઉડવા માંડે તેમ બાળકો ચારેકોર ચિઠ્ઠીવાચનની ધૂનમાં પડેલાં જોવામાં આવશે. તેઓમાં ચિઠ્ઠીવાચનનો નાદ જોવામાં આવશે. કોઈ બાળક પંચકોણ ટેબલ લઈને તે પર બેસી પોથી વાંચતું, તો કોઈ બારીબારણાં બંધ કરતું, તો કોઈ કૂદતું, કોઈ નાચતું, કોઈ પાણી લાવતું, કોઈ એક પગે ઠેકતું, કોઈ આળોટતું, કોઈ બુતાન ઉઘાડતું, કોઈ દટ્ટાથી રમતું, કોઈ લખતું, કોઈ ચીતરતું તો કોઈ ગાતું જોવામાં આવશે. બાળક પગથી માથા સુધી ચિઠ્ઠીવાચનની મસ્તીમાં પડેલું જોવામાં આવશે. બાળકની આ પ્રવૃત્તિની ઋતુને શિક્ષકે ઓળખવાની છે. તેને સંભાળીને પોષવાની છે. તેને બરાબર પકડી તેનો ખરો ઉપયોગ કરી લેવાનો છે. જો શિક્ષક આવી ઋતુ પરત્વે ગાફલ રહેશે તો બાળક વિકાસ કરતું અટકી જશે. પછી પ્રવૃત્તિ વિનાનું ત્રાસશે, બીજાની વચ્ચે પડતું-તોફાન કરતું દેખાશે ને આપણને મૂંઝવશે. બધી પ્રવૃ-

ત્તિઓ માટે જ્યારે જ્યારે તેની ઋતુ આવે ત્યારે ત્યારે તેને ઓળખી લેવી જોઇએ એ આતું સત્ય છે.

શિક્ષકે પ્રત્યેક બાળકની વાચનશ્રેણી લક્ષમાં રાખી શ્રેણી વાર ચિઠ્ઠીઓ તેને આપવાની છે. જથ્થો અને ગુણ બંને રીતે ચિઠ્ઠીઓનો પ્રબંધ કરવાનો છે.

બીજું શિક્ષકે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે ઘણી વાર અમુક જ જાતની ચિઠ્ઠીઓ વાંચવાની ઋતુ આવે છે. કોઇ વાર બાળક પતંગિયાંની ચિઠ્ઠીઓ માગે છે, કોઇ વાર રેતીમાં કૂબા કરવાની ચિઠ્ઠીઓ માગે છે, કોઇ વાર કૂદકાની જ માગે છે તો કોઈ વાર ઇતિહાસની વાર્તાની નકલની ચિઠ્ઠી માગે છે. કેટલીએક વાર જે કામ કરવું હોય છે તેની ચિઠ્ઠીઓ પણ માગે છે. આમાં ઘણી વાર કામ પ્રધાન હોય છે ને ચિઠ્ઠી ગૌણ હોય છે. દાખલા તરીકે બાળકોને રેતીમાં રમવું છે. ચિઠ્ઠી મારફત રમવાનું મળતું હોય તો તેવી ચિઠ્ઠી લખાવે છે. આ છેલ્લી જાતની ચિઠ્ઠીઓની પ્રવૃત્તિ સારી નથી. બાળકોને રમવું હોય તો તેમને રમવાની રજા આપવાથી તેઓ ચિઠ્ઠીનું શરણ લેશે નહિ, અને ચિઠ્ઠીવાચનનો દુરુપયોગ નહિ કરે. ચિઠ્ઠીવાચનમાં પ્રવૃત્તિઓ આવે પણ અમુક ના પાડેલી પ્રવૃત્તિ ચલાવવા માટે ચિઠ્ઠીનું શરણ લેતાં બાળકોને જોવામાં આવે તો તેમને

ચિઠ્ઠી આપવી નહિ. પરંતુ જ્યાં અમુક પ્રવૃત્તિ સંબંધે તંદુરસ્ત ઋતુ આવી હોય, તેની પાછળ બીજો ત્રીજો કોઇ હેતુ ન હોય, ત્યાં તો તેવી પ્રવૃત્તિની ચિઠ્ઠીઓ ખુશીથી આપી શકાય.

ચિઠ્ઠીઓનું વસ્તુ હરહમેશ બાળદુનિયાનું હોય. સામાન્ય રીતે શાળાની પરિથિસ્તિમાં સહજ-પણે થઇ શકે તેવી ક્રિયાઓવાળી ચિઠ્ઠીઓ હોય. તેની ભાષા શુદ્ધ અને સાહિત્યની હોય. શબ્દો વગેરેનો વપરાશ કાળજીપૂર્વકનો હોય.

આ ઉપરાંત એક બીજી કાળજી લેવાની છે. ચિઠ્ઠીઓ પરાણે વંચાવવાની નથી; બાળકે તે રાજી ખુશીથી વાંચવાની છે. એટલે તેમાં કોઇ પણ જાતનો મશાલો ચડાવવાની જરૂર નથી. વાંચવાની ખરી ભૂખ હોય તે જ વાંચે. બીજાઓ વાંચે તો તેમને અજીર્ણ થાય કે બીજું ત્રીજું નુકસાન કરે; માટે ચિઠ્ઠીની લખાવટ કોઇ રીતે એવી ન જોઇએ કે બાળક ઉત્તેજનને લીધે વાંચે. આવી ચિઠ્ઠીઓ હોઇ શકે છે. બાળકને કૂચ કરવાનું મન હોય છે; દાંડિયો લઇ તેને બંદુક ગણી ચાલવું બાળકને ગમે છે. એ તંદુરસ્ત ક્રિયા છે. તેવી ક્રિયા માટે ચિઠ્ઠી આપવી હોય તો 'કૂચ કરો' એટલું બસ છે. પણ જો આપણે એને બદલે એવી ચિઠ્ઠી

આપીએ કે 'તમને કૂચ સરસ આવડે છે; તમારી કૂચ જોવાની મજા આવે છે, માટે સરસ દાંડિયો લઇ બધાને બેલાવી તમે કૂચ કરી બતાવો.' તો આમાં સ્તુતિનું ઉત્તેજન નકામું વધારે પડતું છે. ચિઠ્ઠીના વસ્તુને આજુબાજુના રંગે રંગવાની કશી જરૂર નથી. તેમ જ સાહિત્ય, કલા કે બીજા વિષયોનો સુપરિચય થવાને બદલે તેની મશ્કરી થાય—'બકુનરી' થાય તેવી ચિઠ્ઠી પણ ન આપવી. નાટકની ચિઠ્ઠીમાં 'રાજા જેવા થાઓ જોઇએ.' એવી રાજા બનાવવાની ચિઠ્ઠી ઠીક છે; પણ 'માથે જોડો મૂકો, પગમાં ટોપી રાખો ને હાથમાં ડબલું રાખો.' એમાં રાજાની મશ્કરી છે. જો ચોખ્ખો બકુનરીનો વિચાર ચિઠ્ઠી પાછળ ન હોય તો આ ચિઠ્ઠી ન ચાલી શકે. અથવા તો બાળકો જે પ્રાથમિક દશામાં છે તે જ દશામાં તેમને વધારે રસ લેતાં કરવાની કે રસ લેતાં થાય તેવી કે ઉંડાં ઉતરે તેવી ચિઠ્ઠીઓ પણ ન આપવી. દાખલા તરીકે 'ગારો કરી શરીરે ચોપડો.' 'રંગથી મોઢું રંગો.' 'કાચનું પ્યાલું તોડી નાખો.' 'ધબ દઇને બારણું બંધ કરો.' 'કાન ફૂટી જાય તેવી બૂમો પાડો.' 'કોઇના ખભા ઉપર ચડી જઇ

તેને પાડી દો.' 'ઘર ઘર રમો કે ઢીંગલી બનાવો.' આવી ચિઠ્ઠીઓ ત્યાજ્ય છે.

ચિઠ્ઠીઓ વ્યાકરણશુદ્ધ અને રસપૂર્ણ છતાં તંદુરસ્ત જોઇએ. કેવી ચિઠ્ઠીઓ જોઇએ તેના તંદુરસ્ત નમૂના ઉપર આપ્યા છે. ઉપરાંત એ માટે શિક્ષકે ભાષા, બાલસ્વભાવ, અને બાલમાનસ-શાસ્ત્ર જાણવાં જોઇએ. ચિઠ્ઠીવાચન નાની બાબત લાગે છે પણ તેનું મહત્ત્વ ઘણું છે કારણ કે તે અનેક રીતે બાળકને સ્પર્શે છે; તેની આગળ આદર્શો રજુ કરી શકે છે, તેને માનસિક અને શારીરિક પ્રવૃત્તિઓમાં યોજે છે અને તેની પાસે લાગણીઓના પ્રદેશો ઉઘાડે છે. એટલે તો આ કામ કુશળ શિક્ષકનું છે.

સામાન્ય સિદ્ધાંત તો એ જ રહેવો જોઇએ કે તૈયાર કરેલી ચિઠ્ઠીઓ બાળકોએ પોતાની મેળે પસંદ કરી વાંચવી. સ્વયંશિક્ષણની શાળામાં આમ જ હોવું જોઇએ. પ્રત્યેક ચિઠ્ઠી શિક્ષક લખે ત્યારે બાળક વાંચે એ સ્થિતિ જાણી જોઇને ઉભી થવા દેવી ન જોઇએ. બાળકનો ખરો આનંદ ચિઠ્ઠીવાચનનો છે. શિક્ષકને વચ્ચે લાવવાની જરૂર એ પણ એક ઉત્તેજક છે. એમાં પરાવલંબીપણું છે, માટે પ્રથમથી જ બાળકને ચિઠ્ઠીની રમતો રમતાં એવી

રીતે શીખવવું કે તે શિક્ષકને શોધે નહિ. સ્વભાવથી પરાવલંબી બાળકો અથવા લાડઘેલાં બાળકો શિક્ષક પાસે ચિઠ્ઠી વંચાવવાનું વધારે પસંદ કરશે. શિક્ષકે તેમાંથી વહેલામાં વહેલી તકે છૂટી જવું જરૂરનું છે. શિક્ષકનો ખરો પ્રેમ તો બાળકો ચિઠ્ઠીઓ મારફતે જ અનુભવી શકે—જો શિક્ષક બાળકને ખરા વિકાસને માર્ગે લઈ જાય તેવી ચિઠ્ઠીઓ આપી શકે તો.

છતાં ચિઠ્ઠી લખવાનું કામ શિક્ષકે કરવું પડે. પણ તે ત્યાં જ કે જ્યાં નવી નવી ચિઠ્ઠીઓનું નિર્માણ કરવું છે. બાળકો જેમ જેમ આગળ વધતાં જાય તેમ તેમ તે કેવા પ્રકારની ચિઠ્ઠીઓ વાંચવાની ઇચ્છા દર્શાવે છે, કેવી વાંચી શકે છે વગેરે પ્રયોગની દૃષ્ટિએ નક્કી કરવા માટે શિક્ષકે ચિઠ્ઠી લખવા, ચિઠ્ઠીનો અમલ જોવા અને તેનું વાચન સાંભળવા રોકાવું જ પડે. છતાં શિક્ષકની દૃષ્ટિ તો ઉપર કહી તેવી જ હોય.

વળી શિક્ષકે એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ચિઠ્ઠી વાંચનારાંઓમાં સાચાં કેટલાં છે ને ભૂલથી ભેગાં થયેલાં કેટલાં છે. કેટલીએક વાર બે ત્રણ બાળકો એક ચિઠ્ઠી ભેગી વાંચે છે; તેનો અર્થ એ છે કે દરેક જણ ચિઠ્ઠી તો વાંચે છે, પણ

કામ ભેગું કરે છે. અહીં તેઓ સહજીવનનો સહકાર લેવા માગે છે. આ અટકાવવાની જરૂર નથી. કેટલાંએક બાળકો ચિઠ્ઠી વાંચવા માગતાં જ નથી; પણ તેમને બીજાંઓ સાથે કામ કરવું હોય છે. તેઓ તેમ ભલે કરે. પરંતુ જેઓ ખરેખર વાંચવા જ માગતાં હોય પણ મોટાંઓમાં ભળી મોટી ચિઠ્ઠી વાંચ્યાના ડોળમાં પડતાં હોય અને ખરી રીતે તેઓ નીચે શ્રેણી માટે લાયક હોય, તો તેમને ત્યાંથી અટકાવવાં જોઇએ. આવી બાબતોમાં શિક્ષક પોતે જ અનુભવથી રસ્તો શોધી કાઢે છે.

ચિઠ્ઠીઓ કેવા કાગળો પર કે પૂંઠા પર રાખવી વગેરે બાબતનો નિર્ણય શિક્ષક શાળાની સંપત્તિ ઉપર આધાર રાખી કરી લે. હરકોઇ ચિઠ્ઠીના અક્ષરો મોટા હોય. ચિઠ્ઠી વારે વારે બગડી જાય તેવી ન જોઇએ. અમે રેલ્વે લેબલ ઉપર ચિઠ્ઠીઓ બનાવી છે તેના ઉપર આ નમૂના પ્રમાણે લખીએ છીએ. ઉપરની શ્રેણીઓની ચિઠ્ઠીઓના અક્ષરો ઝીણા થતા જાય. ચિઠ્ઠીઓ ચીપી ચીપીને ન લખાય. જેમ સ્વાભાવિકપણે

| |
|---|
| **પાણી લાવો** |

આપણે લખીએ છીએ તેમ ચિઠ્ઠીઓ લખાય તો બાળકોને ફાઇલ વાંચવાનું શીખવવું નહિ પડે.

: ૧૫ :

ચિઠ્ઠીઓ જેમ સ્વયંવિકાસક છે તેમ તે સ્વયંપરીક્ષક પણ છે. બાળકની શારીરિક, માનસિક, જ્ઞાન વિષયક, તેમ જ કલા વિષયક આવડત–અણઆવડતની કસોટી ચિઠ્ઠીવાચન કરતું બાળક પોતે જાતે જ કરી લે છે. તેને વાંચીને ક્રિયા કરવાની હોવાથી જ્યાં તે અટકી પડે છે ત્યાં તેની અશક્તિની સહેજે પરીક્ષા થઇ જાય છે. જો ચિઠ્ઠીનું કામ બરાબર ગોઠવ્યું હોય તો તે ખરેખર સ્વયંસુધારક પણ બને. ચિઠ્ઠીઓ બાળક પરત્વે પરીક્ષા કરી આપનારી છે. બાળકને જુદી જુદી બાબતમાં કેવું જ્ઞાન થયું છે, તેને રંગ રૂપ વગેરેનાં નામો આવડે છે કે નહિ, પરિમાણો અને સપાટીના ભેદો સમજે છે કે નહિ, અને ધ્વનિસંજ્ઞાઓ વગેરેનો પરિચય છે કે નહિ તે આમાંથી જણાઇ રહે છે.

ઇંદ્રિયવિકાસની પરીક્ષા અમુક ચિઠ્ઠીઓ કરે છે, તો અમુક ચિઠ્ઠીઓ કલાવિકાસની, અમુક ચિઠ્ઠીઓ જ્ઞાનની, અમુક શારીરિક શક્તિની, અમુક તેની

સામાજિક અને ધાર્મિક ભાવનાની, એમ જુદી જુદી પરીક્ષાઓ કરે છે. શિક્ષક બાળકનું આ બધું જાણીને તેમ જ તે ક્યાં છે તેનો નિર્ણય કરીને તેને કેમ આગળ લેવું તેનો પ્રબંધ રચી શકે.

બાળકને ખબર પડતી નથી છતાં તેની પરીક્ષા પ્રત્યેક ચિઠ્ઠીએ થયે જાય છે. બીજી શક્તિઓની પરીક્ષાની સાથે જ વખતે વખતે મુખવાચનની પરીક્ષા પણ થયે જાય છે.

સામાન્ય રીતે શરૂઆતની ચિઠ્ઠી વંચાવતી વખતે બાળકે ચિઠ્ઠી પ્રમાણે કામ કર્યા પછી તેણે તે શિક્ષક પાસે વાંચી જવાની છે. આથી શિક્ષક જાણી શકે છે કે બાળક ખરેખર કેવું વાચન કરે છે. બાળક સમજીને વાંચી શકે છે, છતાં વાચનમાં જો કંઇ કચાશ રહી જાય તો આ મુખવાચન દ્વારા દૂર થાય છે. વારંવાર ચિઠ્ઠીઓ મોઢેથી વંચાયાથી પણ બાળકમાં મુખવાચનની સારી શક્તિ અને ઝડપ આવશે. એક વાર અર્થ જાણીને તે પ્રમાણે કરીને મોઢેથી વાંચવું સહેલું છે. એ વખતે અર્થ બેસારવાની ક્રિયા પહેલેથી થઇ ગયેલી હોવાથી મુખવાચન આકરૂં નથી લાગતું.

આમ બાળકો જાતજાતની ચિઠ્ઠીઓના વાચનનો આનંદ લેતાં લેતાં ખબર ન પડે તેમ